RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 29-08-2026 I VOL : 12 I Issue : 164 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સફળતા માટે સમર્પણ જરૂરી છે. તમારું ભવિષ્ય આજે લખાઈ રહ્યું છે.

3  કોબા કેનાલ પર 12-લેન બ્રિજ માટે પોન્ટૂન બ્રિજનું લોન્ચિંગ!!

4  ખાખીનો ખોફ કે સત્તાવાર લૂંટ? રાજકોટના પોલીસ મથકો બન્યા...

6  ચિત્રાંગદાના ફીટ અને કટ ફીગર પર ફેન્સ ફિદા, નવા ફોટોશુટથી ફરી...

7  આર પ્રજ્ઞાનંદ ગ્રાન્ડ ચેસ ટૂર જીતનાર પ્રથમ ભારતીય

### બચાવ કાર્ય સતત ચાલુ: 1000થી વધુ લોકો હજુ પણ ગુમ

# નેપાળ-તિબેટ સરહદે પૂરનો તાંડવ: મૃત્યાંક 550થી વધુ



નવી દિલ્હી

નેપાળ અને તિબેટમાં લગભગ 3 કલાક પછી રાહત અને બચાવ અભિયાન ફરી શરૂ કરવામાં આવ્યું. ભોટેકોશી નદીના ઉપરના ભાગમાં બનેલા તળાવ ફાટ્યા પછી અચાનક પૂરના જોખમને ધ્યાનમાં રાખીને બચાવ કામગીરી રોકી દેવામાં આવી હતી. શુક્રવારે તળાવમાં પાણી વધીને લગભગ 25 લાખ ક્યુબિક મીટર થઈ ગયું હતું. તળાવનું પાણી ઓવરફ્લો થઈને લ્હેંદે ખોલા અને પછી ત્રિશૂલી નદીમાં પહોંચ્યું. આ પછી નેપાળમાં બચાવ ટીમોને સુરક્ષિત જગ્યાએ જવાનું કહેવામાં આવ્યું હતું. બુધવારે ગ્લેશિયર તૂટવાથી આવેલા ભયાનક પૂરમાં નેપાળમાં 547 અને તિબેટમાં 5 લોકોના મોત થયા છે. બંને દેશોમાં 1,000 થી વધુ લોકો હજુ પણ ગુમ છે. પૂરને કારણે નેપાળમાં રસ્તાઓ, પુલો, ઘરો અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટને ભારે નુકસાન થયું છે. રાહત-બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં ગુમ થયેલા લોકોની શોધ કરી રહી છે. નેપાળ-ચીન સરહદના ઉપરના વિસ્તારમાં હિમપ્રપાતથી બનેલું તળાવ હજુ પણ પૂરનો ખતરો ઉભો કરી રહ્યું છે. કાઠમંડુ સ્થિત ચીની દૂતાવાસ અનુસાર, તળાવનું જળસ્તર ઘણું ઊંચું છે અને તેમાં ઓવરફ્લો શરૂ થઈ ગયો છે. તેના તૂટવાની આશંકા યથાવત છે. દૂતાવાસના પ્રવક્તા અનુસાર, નેપાળ તરફ સરહદી નદીની ઉપરની ધારાની એક સહાયક નદીમાં બરફ અને ખડકોનો કાટમાળ પડવાથી નદીનો પ્રવાહ અટકી ગયો હતો. તેનાથી ભૂસ્ખલનથી બનેલું કુદરતી તળાવ તૈયાર થયું. 45 વર્ષના દાવા લામાની આંખો સામે થોડી જ મિનિટોમાં તેમનો આખો પરિવાર ઉજડી ગયો.



## એક નજર...

### લંડનમાં ઝારા યાસ્મિને સ્ટાઈલિશ લુકમાં આપ્યા પોઝ



ઝારા યાસ્મિને ઘણા મ્યુઝિક વીડિયોમાં કામ કર્યું છે. અભિનેત્રી આસિમ રિયાઝ સાથે યારા દિલદારા ગીતમાં પણ જોવા મળી હતી. ઝારા યાસ્મીનની ઘણી બોલ્ડ તસવીરો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જે બાદ દરેકના મનમાં એક જ સવાલ છે કે આ ઝારા યાસ્મીન કોણ છે અને તે ક્યાંની છે.

## NEWS TRACK

### નેપાળમાં હોનારત વચ્ચે ચીનમાં જોરદાર ભૂકંપ! સિચુઆનમાં 5.1 ની તીવ્રતાના આંચકાથી લોકોમાં ફફડાટ

ચીનમાં ભૂકંપની ગતિવિધિઓ પર નજર રાખતી સત્તાવાર સંસ્થા 'ચાઈના અર્થક્વેક નેટવર્ક્સ સેન્ટર'ના અહેવાલ મુજબ, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.1 નોંધાઈ છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ સિચુઆન પ્રાંતના લોંગચાંગ શહેરમાં જમીનની અંદર સ્થિત હતું. સંવેદનશીલ વિસ્તાર છે સિચુઆન પ્રાંત. સિચુઆન પ્રાંત ભૂસ્તરશાસ્ત્રીય દ્રષ્ટિએ ફોલ્ટ લાઈન પર આવેલો હોવાથી ભૂતકાળમાં પણ અનેક મોટા અને વિનાશક ભૂકંપોનો સાક્ષી રહી ચૂક્યો છે. આ જ કારણ છે કે સામાન્ય આંચકા આવતાં જ સ્થાનિક નાગરિકો અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તાત્કાલિક સાવધ થઈ જાય છે. રિક્ટર સ્કેલ પર 5.1 ની તીવ્રતાનો ભૂકંપ મધ્યમ સ્તરનો ગણવામાં આવે છે, જેનાથી નબળા બાંધકામો ધરાવતી ઈમારતોમાં તિરાડો પડવાની કે હળવા નુકસાનની શક્યતા રહે છે. હાલના તબક્કે આ ઘટનામાં કોઈ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયાના કે કોઈ મોટું માળખાકીય નુકસાન થયાના સમાચાર સામે આવ્યા નથી.

### મિડલ ઈસ્ટમાં પાકિસ્તાને વધુ એક મોટા દેશ સાથે 'ડિફેન્સ ડીલ'કરતાં ભારતનું ટેન્શન વધ્યું!

ચારેય તરફથી આંતરિક અને આર્થિક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાને હવે મિડલ ઈસ્ટના દેશોમાં પોતાનું 'સૈન્ય નેટવર્ક' મજબૂત કરવાનો નવો રસ્તો અપનાવ્યો છે જે ભારત માટે ચિંતાનો વિષય મનાય છે. સાઉદી અરેબિયા અને તૂર્કેઈ સાથે સંરક્ષણ ભાગીદારી કર્યા બાદ, હવે પાકિસ્તાને કુવૈત સાથે હાથ મિલાવ્યા છે. ગુરુવારે ઈસ્લામાબાદ ખાતે પાકિસ્તાન અને કુવૈત વચ્ચે દ્વિપક્ષીય લશ્કરી સહયોગ વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ છે, જેને સત્તાવાર રીતે 'પ્રોટોકોલ એગ્રીમેન્ટ-2026' નામ આપવામાં આવ્યું છે. ઈસ્લામાબાદમાં કુવૈતના સંરક્ષણ મંત્રી શેખ અબ્દુલ્લા અલી અબ્દુલ્લા અલ-સાલેમ અલ-સબાહ અને પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા મુહમ્મદ આસિફે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર 5 વર્ષ માટે અમલમાં રહેશે. કરાર હેઠળ બંને દેશોની સેનાઓ સંયુક્ત લશ્કરી તાલીમ અને અભ્યાસ કરશે, સૈન્ય શિક્ષણ અને વિશિષ્ટ જ્ઞાનની આપ-લે કરશે, તેમજ ગુપ્ત માહિતી (ઇન્ટેલિજન્સ) અને લોજિસ્ટિક્સમાં સહયોગ વધારશે.

### એક ખાનગી સર્વે મુજબ NDAને ઝટકો

## કોકરોચ આંદોલન ભાજપ માટે માથાનો દુ:ખાવો, કોંગ્રેસને ફાયદો

નવી દિલ્હી

એક ખાનગી કંપની દ્વારા કરાયેલા સરવે અનુસાર, જો આજે દેશમાં લોકસભા ચૂંટણી યોજાય તો ભારતીય જનતા પાર્ટી (BJP) ના નેતૃત્વ હેઠળનું એનડીએ (NDA) ગઠબંધન 326 સીટો સાથે ફરીથી સત્તા પર વાપસી કરી શકે છે. જોકે, જાન્યુઆરી 2026 ના સરવેમાં એનડીએને 352 સીટો મળવાનું અનુમાન હતું, જેની સરખામણીએ છેલ્લા 6 મહિનામાં 26 સીટોનો ઘટાડો નોંધાયો છે. તેમ છતાં એનડીએ બહુમતીના આંકડા કરતાં ઘણું આગળ છે અને કેન્દ્રમાં સરકાર બનાવવાની મજબૂત સ્થિતિમાં છે. આ આંકડો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2024 ના '400 પાર' ના લક્ષ્યાંકથી ઘણો પાછળ છે. પાર્ટીવાર આંકડાઓ પર નજર કરીએ તો ભાજપને સૌથી વધુ નુકસાન થતું જણાય છે. તાજા સરવેમાં ભાજપને 261 સીટો મળવાનું અનુમાન છે, જે જાન્યુઆરી 2026 માં 287 સીટો હતું. એટલે કે ભાજપના અનુમાનિત આંકડામાં 26 સીટોનો ઘટાડો થયો છે, જોકે 2024 ની લોકસભા ચૂંટણીની 240 સીટોની સરખામણીએ આ દેખાવ હજુ પણ સારો છે. બીજી તરફ કોંગ્રેસ માટે આ સરવે આશાસ્પદ રહ્યો છે. કોંગ્રેસને 106 સીટો મળવાનું અનુમાન છે, જે જાન્યુઆરીના 80 સીટોના અનુમાન કરતાં 26 સીટો વધુ છે.

## તહેવારો પહેલા મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો, દૂધની કિંમતોમાં પ્રતિ લીટર રૂ. 9નો વધારો

મુંબઈ

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં આમ આદમીના બજેટ પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર થયો છે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન (MMPA) દ્વારા દૂધની જથ્થાબંધ કિંમતમાં લિટર દીઠ સીધો 9 નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારા બાદ ભેંસના તાજા દૂધનો જથ્થાબંધ ભાવ 93 થી વધીને 102 પ્રતિ લિટર પહોંચી જશે. નવા દરો 28 ફેબ્રુઆરી 2027 સુધી અમલમાં રહેશે MMPAના જણાવ્યા અનુસાર, દૂધના આ નવા દરો 1 સપ્ટેમ્બર 2026થી લાગુ થશે અને 28 ફેબ્રુઆરી 2027 સુધી અસરકારક રહેશે. એટલે કે આગામી છ મહિના સુધી મુંબઈકરોએ મોંઘા ભાવે જ દૂધ ખરીદવું પડશે, ત્યારબાદ કિંમતોની ફરી સમીક્ષા કરાશે. અગાઉ ફેબ્રુઆરી 2026માં ભાવ 91 થી વધારીને 93 કરાયા હતા. જોકે, MMPAના 70 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર એકસાથે 9 નો આ સૌથી મોટો વધારો છે.

### બંગાળમાં પોલીસ દ્વારા ડરનો માહોલ બનાવવામાં આવી રહ્યો છે

## BJPએ ચૂંટણી 'હાઈજેક' કરી:મત લૂંટવા માટે SIRનો ઉપયોગ કર્યો: મમતા બેનર્જી

કોલકાતા

પશ્ચિમ બંગાળના પૂર્વ સીએમ મમતા બેનર્જીએ શુક્રવારે કહ્યું કે ભાજપે ચૂંટણી 'હાઈજેક' કરવા માટે ચૂંટણી પંચનો ઉપયોગ કર્યો. મતદાર યાદીમાંથી લાખો નામો ગેરકાયદેસર રીતે હટાવીને 'મત લૂંટવા' માટે SIR નો ઉપયોગ કરવામાં આવ્યો. મમતાએ આગળ કહ્યું- ભાજપ બંગાળમાં ભાગલાવાદી રાજનીતિ કરી રહી છે અને ડર ફેલાવવા માટે પોલીસનો ઉપયોગ કરી રહી છે. તૃણમૂલ છાત્ર પરિષદનો આજે સ્થાપના દિવસ છે. મમતા સહિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ કોલકાતામાં એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા. 1. ભાજપ સરકારમાં પોલીસનું ખરાબ વલણ: TMCના શાસનમાં પોલીસનો માનવીય ચહેરો હતો, પરંતુ ભાજપે



પોલીસને રાક્ષસી સંસ્થામાં બદલી નાખી. મમતાએ કહ્યું કે તેઓ તેમના સમર્થકો વિરુદ્ધ "પોલીસની અતિશયતા" રોકશે. તેમણે કહ્યું કે આ રક્ષાબંધન પર તેમનો સંકલ્પ છે. 2. બંગાળમાં ભાજપની વિભાજનકારી નીતિ: મમતાએ ભાજપ પર બંગાળમાં વિભાજનકારી રાજનીતિ કરવા અને પોલીસ દ્વારા લોકોમાં ડર ફેલાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે તેઓ ટૂંક સમયમાં આખા રાજ્યનો પ્રવાસ શરૂ કરશે અને જો તેમની સભાઓને મંજૂરી નહીં મળે તો રસ્તાઓ પર ઉતરીને લોકો વચ્ચે જશે. હું જોઈશ કે તેમની પાસે કેટલા ઈંડા અને ઈંટો જમા છે. 3. દબાણને લઈને સરકાર પર નિશાન: ફૂટપાથ પરથી ફેરિયાઓને હટાવવા પર તેમને વાંધો નથી, પરંતુ તેમને બીજી જગ્યા આપવી જોઈએ. જો સરકાર આવું ન કરી શકે તો તેમને દર મહિને 25 હજાર રૂપિયા વળતર આપવું જોઈએ.

### રોડ્ઝ એન્ડ બિલ્ડીંગ કમીટીના ચેરમેન જૈનિક વકીલે લખ્યો પત્ર

# ભ્રષ્ટાચારીઓ સાવધાન: AMC તંત્ર અને રોડ કમિટી નરોડા પાટિયા બ્રિજ મુદ્દે આમને-સામને

- AMC કમિશનર બંછાનિધી પાનીએક્શન લેશે કે કેમ તેની પર સહુની નજર
- ભ્રષ્ટાચારથી ખદબદી રહેલા વિભાગોમાં 'સાફ-સફાઈ' જરૂરી બની
- એન્જિનિયરો, કન્સલટન્ટ એજન્સી અને કોન્ટ્રાકટરોની કામગીરી સામે અનેક સવાલ
- પાટિયા બ્રિજને કારણે રસ્તો સાંકડો થયો, BRTS-AMTS બસો બંધ છે
- દરરોજ ભારે ટ્રાફિકજામ સર્જાતા સ્થાનિક નાગરિકોને ભારે મુશ્કેલી પડી

અમદાવાદ

શહેરના પૂર્વ વિસ્તારમાં અતિ મહત્વના જંકશન નરોડા પાટીયા ખાતે ઘણા સમયથી બ્રિજની કામગીરી ચાલી રહી છે અને તેમાં પણ હવે તો કામગીરીમાં વિલંબ થયો છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રોડ્ઝ એન્ડ બિલ્ડિંગ કમિટી દ્વારા આ વિલંબ મામલે ડેપ્યુટી કમિશનરને પત્ર લખીને સ્પષ્ટતા માગવામાં આવી છે. આને કારણે એ બાબત સામે આવી રહી છે કે એન્જિનિયરો, કન્સલટન્ટ એજન્સી અને કોન્ટ્રાકટરોની મિલિભગતથી નાગરિકોને હેરાન પરેશાન થવાનું આવે છે. કારણ કે પાટીયા બ્રિજને કારણે રસ્તો સાંકડો થયો, નરોડાથી પાટીયા થઈને જતી નારોલ અને ભાડજની BRTS-AMTS બસો બંધ કરીને ડાયવર્જનથી દોડાવાઈ રહી છે જેને કારણે મુસાફરોને હાલાકી પડી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર બંછાનિધી પાની આ સમગ્ર મામલે શું જવાબ આપશે તેની પર સહુની નજર રહેલી છે.



આ અંગેની માહિતી એવી છે કે અમદાવાદના નરોડા પાટિયા બ્રિજ કામગીરીમાં વિલંબ થતાં રોડ કમિટી ચેરમેન જૈનિક વકીલે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી ખુલાસો માંગ્યો છે. અમદાવાદ શહેરના નરોડા પાટિયા વિસ્તારમાં બની રહેલા ઓવર બ્રિજના નિર્માણ કાર્યમાં થઈ રહેલા ભારે વિલંબને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટી તંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચે વિવાદ સપાટી પર આવ્યો છે. આ મુદ્દે રોડ કમિટીના ચેરમેન જૈનિક વકીલે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સત્તાવાર પત્ર પાઠવીને તીખા સવાલો કર્યા છે.

### વર્ક ઓર્ડર આપવા સામે ઉઠાવ્યા સવાલ

રોડ કમિટી ચેરમેન જૈનિક વકીલે પત્રમાં આકરા પ્રહારો કરતા પ્રશ્ન પૂછ્યો છે કે, જ્યારે પ્રોજેક્ટ માટે સાઈટ ક્લિયરન્સ અને અંડરગ્રાઉન્ડ યુટિલિટી સિસ્ટમ જેમ કે ગેસ, ડ્રેનેજ અને વીજળીની પાઈપલાઈનો અંગે પૂરતી માહિતી ઉપલબ્ધ ન હતી, તો પછી કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર શા માટે આપી દેવામાં આવ્યો?

### કન્સલ્ટન્ટની ભૂલ અને વિલંબ પર સ્પષ્ટતાની માગ

નરોડા પાટીયા બ્રિજનું બાંધકામ નક્કી કરેલી સમયમર્યાદા કરતા 185 દિવસ મોડું થયું છે. પત્રમાં આ 185 દિવસના અતિરિક્ત વિલંબની ગણતરી કઈ પદ્ધતિ કે ધોરણોના આધારે કરવામાં આવી છે, તેનો વિગતવાર ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત, જો બ્રિજની ડિઝાઈન બનાવવામાં કન્સલ્ટન્ટની કોઈ ખામી કે ક્ષતિ રહી ગઈ હોય, તો તેમની સામે અત્યાર સુધી શું કાનૂની કે શિસ્તભંગના પગલાં ભરવામાં આવ્યા છે, તેની પણ સ્પષ્ટતા માંગવામાં આવી છે.

### 50 લાખની પેનલ્ટીની જોગવાઈઓ સામે પણ સવાલ

નરોડા પાટીયા બ્રિજના કામમાં વિલંબ બદલ કોન્ટ્રાક્ટરને રૂપિયા 50 લાખની પેનલ્ટી ફટકારવામાં આવી છે. આ પેનલ્ટી નક્કી કરતી વખતે કઈ-કઈ કાનૂની અને ટેન્ડરની જોગવાઈઓ ધ્યાનમાં લેવામાં આવી છે તેનો સંપૂર્ણ રિપોર્ટ આપવા કમિટી ચેરમેને આદેશ કર્યો છે. પત્રના કારણે AMC વહીવટી તંત્રમાં ભારે ચર્ચા જાગી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# આદિપુરમાં નકલી દારૂની હાઈટેક ફેક્ટરી ઝડપાઈ: હજારો લીટર કેમિકલ અને રોયલ ચેલેન્જના બોગસ માર્કા વાળી બોટલો જપ્ત

કચ્છ

ગાંધીધામ-આદિપુર સંકુલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને દારૂના કાળા કારોબાર સામે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયાની ટીમે અત્યાર સુધીની સૌથી મોટી અને ઘાતક કાર્યવાહી કરી છે. આદિપુર વિસ્તારમાં ધમધમતી નકલી દારૂ બનાવવાની ફેક્ટરી પર આઈજીની ટીમે અચાનક દરોડો પાડીને બૂટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ મચાવી દીધો છે.

આ કાળી કમાણીના અડ્ડા પરથી પોલીસે ખાલી બોટલો, કેમિકલ અને નકલી બ્રાન્ડેડ દારૂનો મોટો જથ્થો પકડી પાડીને એક મોટો ભાંડો ફોડ્યો છે. બાતમીના આધારે આઈજી ટીમે પાડેલા દરોડા દરમિયાન ફેક્ટરીની અંદરનું દ્રશ્ય જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

સ્થળ પરથી નકલી દારૂ બનાવવામાં વપરાતું ૬૦૦ લીટર જેટલું અત્યંત જોખમી અને શંકાસ્પદ પ્રવાહી/કેમિકલ મળી આવ્યું છે. આ ઉપરાંત, વિવિધ બ્રાન્ડનું પેકિંગ કરવા માટે રાખેલી આશરે ૧૦,૦૦૦ જેટલી ખાલી બોટલોનો વિશાળ જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, આ અડ્ડા પર ઝેરી કેમિકલ અને સ્પિરિટ મિશ્રિત કરીને નકલી શરાબ તૈયાર કરવામાં આવતો હતો અને તેને ઓરિજિનલ બ્રાન્ડ તરીકે બજારમાં વહેતો કરવાનો મોટો ખેલ ખેલાઈ રહ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી વેચાણ માટે તૈયાર રખાયેલી 'રોયલ ચેલેન્જ' (Royal Challenge) વિદેશી દારૂના લેબલ વાળી ૬૦૦ પેક્ડ બોટલો પણ હસ્તગત કરવામાં આવી છે. આ બોટલો પર બોગસ સ્ટીકર અને બ્રાન્ડિંગ કરીને લોકોને અસલીના નામે ઝેરી નકલી દારૂ પધરાવવાનું કારસો ઘડાયું હતું.

# કરજણ તાલુકામાં રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા ભવ્ય શ્રાવણી ઉપાકર્મ: BAPS સ્વામિનારાયણ મંદિરે ભૂદેવોએ પવિત્ર જનોઈ બદલી સંસ્કાર પર્વ ઉજવ્યું

કરજણ (પાક્કો ગુજરાત ન્યૂઝ)

સનાતન વૈદિક પરંપરા અને બ્રહ્મ સંસ્કૃતિના જતન અર્થે રાષ્ટ્રીય પરશુરામ સેના (કરજણ તાલુકા) દ્વારા એક વિશેષ અને ભવ્ય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. કરજણ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરના પવિત્ર પરિસરમાં તાલુકામાં વસતા તમામ ભૂદેવો માટે 'સમૂહ યોગ' તથા પવિત્ર 'જનોઈ (યજ્ઞોપવિત) બદલવાનો' ઉપાકર્મ સંસ્કાર કાર્યક્રમ અત્યંત ઉત્સાહ અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે યોજાયો હતો. આ પવિત્ર પ્રસંગે કરજણ તાલુકાના ખૂણે-ખૂણેથી મોટી સંખ્યામાં ભૂદેવો પરિવાર સાથે એકત્રિત થયા હતા. વિદ્વાન ભૂદેવો અને આચાર્યોના માર્ગદર્શન હેઠળ દસસ્નાન વિધિ, તર્પણ, સૂર્ય અર્ધ્ય અને ગાયત્રી જપ સાથે નવી યજ્ઞોપવિત ધારણ કરવાની વૈદિક વિધિ વિધાનપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. સમગ્ર મંદિર પરિસર 'ગાયત્રી મંત્ર' અને 'હર હર મહાદેવ'ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય પરશુરામ સેનાના હોદ્દેદારો તેમજ BAPS મંદિરના પૂજ્ય સંતોએ બ્રહ્મસમાજની એકતા, સંસ્કાર અને ધાર્મિક કર્તવ્યો વિશે વિશેષ બોધ આપ્યો હતો. વક્તાઓએ જણાવ્યું હતું કે, જનોઈ એ માત્ર ધાગો નથી પરંતુ સનાતન ધર્મ, સંસ્કાર અને નૈતિક જવાબદારીઓનું પ્રતીક છે. યુવા પેઢી પોતાના મૂળ ધાર્મિક મૂલ્યો સાથે જોડાયેલી રહે તે હેતુથી આવા સમૂહ કાર્યક્રમો અત્યંત જરૂરી છે.

# ગાંધીનગરના પેથાપુરમાં અબોલ જીવ પર અત્યાચારનું કાવતરું

ગાંધીનગર

ગાંધીનગરના પેથાપુર વિસ્તારમાં આવેલી સિદ્ધિવિનાયક સોસાયટીમાંથી અબોલ પશુઓ પ્રત્યેની ક્રૂરતા અને અમાનવીય માનસિકતા છતી કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોસાયટીના હોદ્દેદારો અને સભ્યો દ્વારા સિક્યુરિટી ગાર્ડને કડક ફરમાન કરવામાં આવ્યું હોવાના અહેવાલ છે કે સોસાયટી પરિસરમાં જો કોઈ શ્વાન દેખાય તો તેને બેફામ રીતે માર મારવો. અબોલ જીવો પર થતા આ અત્યાચારના નિર્દેશને પગલે સ્થાનિક પ્રાણીપ્રેમીઓ અને દયાપ્રેમી નાગરિકોમાં ભારે આક્રોશ અને રોષની લાગણી ભભૂકી ઊઠી છે.

ભારતીય સંવિધાન અને પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ (Prevention of Cruelty to Animals Act) મુજબ અબોલ પશુઓને માર મારવો, તેમને ઈજા પહોંચાડવી કે તેમની હત્યા કરવી એ ભારે શિક્ષાપાત્ર અને ગંભીર અપરાધ છે. પેથાપુરની સિદ્ધિવિનાયક સોસાયટીના પ્રમુખ અને રહાશો દ્વારા સિક્યુરિટી ગાર્ડને આપવામાં આવેલો આ ગેરકાયદેસર આદેશ કાયદાના ખુલ્લેઆમ ધજીયા ઉડાડે છે. સ્થાનિક રહીશો અને એનિમેલ રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે, આવી અમાનવીય માનસિકતા ધરાવતા પ્રમુખ અને કાવતરામાં સામેલ સભ્યો સામે પોલીસ વહેલી તકે ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલશે કે કેમ.

# રસ્તો ક્રોસ કરતી બે બાળકી-મહિલાને બાઈક ચાલકે ઉડાવ્યા

વડોદરા

વડોદરા શહેરમાં રોડ ક્રોસ કરતી બે બાળકી અને એક મહિલાને પૂરપાટ ઝડપે 19 વર્ષીય બાઈક ચાલકે અડફેટે લીધા હતા. જેમાં એક બાળકીનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય એક બાળકી અને મહિલાને ઈજા થતા હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ભયાનક અકસ્માતના કંપારી છૂટી જાય એવા CCTV પણ સામે આવ્યા છે. મોડી રાત્રે શહેરના માણેજા ક્રોસિંગથી જામ્બુવા તરફ જતા માર્ગ પર વોલ્ટેમ કંપની નજીક વનરાજ કોમ્પલેક્ષ સામે સર્જાયેલા આ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવેલી બાઈકે રસ્તો ક્રોસ કરી રહેલી બે બાળકી અને એક મહિલાને જોરદાર ઉડાવ્યા હતા. બેફામ સ્પીડે બાઈકની ટક્કરથી એક નાની બાળકીનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું, જ્યારે મહિલા અને અન્ય એક બાળકી ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ પોલીસે મકરપુરામાં લાલજી મંદિર પાસે રહેતા 19 વર્ષીય બાઈક ચાલક મોહિત પટેલની અટકાયત કરી હતી. અને સમગ્ર ઘટનાને લઈ વધુ તપાસ હાથ ધરી છે. બનાવને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને અકસ્માતને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## ભાજપ સરકારના દાવાઓ વચ્ચે સરકારી શાળાઓ અને શિક્ષણની કડવી વાસ્તવિકતા

# શિક્ષણ વ્યવસ્થા સુધરશે કે નહીં? ગુજરાતના ભાવિ સાથે ખેલાતા ખેલ સામે ઊઠતા અણીયારા સવાલો!!

અમદાવાદ

ગુજરાત આજે જ્યારે આર્થિક વિકાસ, ઉદ્યોગો અને મોડેલ સ્ટેટના નામે દેશભરમાં ડંકો વાગાડી રહ્યું છે, ત્યારે રાજ્યનું સૌથી મહત્વનું પાસું–એટલે કે 'શિક્ષણ વ્યવસ્થા'–આજે પણ અનેક ગંભીર પડકારો સામે ઝઝૂમી રહી છે. પ્રાથમિક શાળાઓથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીની કથળતી પરિસ્થિતિ જોઈને પ્રજાના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે: 'શું વર્તમાન ભાજપ સરકાર શિક્ષણ વ્યવસ્થા સુધારવા માટે ક્યારેય નક્કર કામ કરશે કે પછી દર વખતે માત્ર કાગળ પર જ યોજનાઓ અને બજેટના આંકડા બતાવીને સંતોષ માની લેશે?'

* શિક્ષકોની ભારે અછત અને પ્રવાસી શિક્ષકોનો સહારા: રાજ્યની સેંકડો પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કાયમી શિક્ષકોની હજારો જગ્યાઓ ખાલી પડી છે. વર્ગખંડોમાં ગુણવત્તાસભર શિક્ષણ આપવાને બદલે શાળાઓને 'પ્રવાસી શિક્ષકો' કે કરાર આધારિત સ્ટાફના ભરોસે છોડી દેવામાં આવી છે.

એક ઓરડામાં ચાલતી શાળાઓ: વિકાસના મોટા દાવાઓ વચ્ચે પણ ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં આજે પણ અનેક એવી શાળાઓ છે જ્યાં 1 થી 5 ધોરણના બાળકો એક જ ઓરડામાં બેસીને ભણવા માટે મજબૂર છે.

ભરતી પરીક્ષાઓ અને પેપર લીકની સિન્ડિકેટ: TET, TAT કે અન્ય શિક્ષણ વિભાગની ભરતી પરીક્ષાઓમાં વારંવાર થતા વિલંબ અને પેપર લીકના કૌભાંડોએ સક્ષમ અને શિક્ષિત ઉમેદવારોનું મનોબળ તોડી નાખ્યું છે.

ખાનગીકરણનો અજગર અને મોંઘું શિક્ષણ: સરકારી શાળાઓની નબળી સ્થિતિનો સીધો ફાયદો ખાનગી શાળા માફિયાઓ ઉઠાવી રહ્યા છે. ફી નિયમન કમિટી (FRC) હોવા છતાં ખાનગી શાળાઓની બેફામ ફી અને ડોનેશન પ્રથા સામે સામાન્ય અને મધ્યમ વર્ગનો વાલી પીસાઈ રહ્યો છે. સરકારી દાવાઓ અને બજેટ રજૂઆતમાં ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાને આધુનિક અને ગુણવત્તાસભર બનાવવાના પ્રયાસોનો ઉલ્લેખ કરવામાં આવે છે. 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' હેઠળ આધુનિક વર્ગખંડો અને શાળાઓના માળખાકીય વિકાસના દાવા કરવામાં આવે છે, પરંતુ બીજી તરફ ગ્રામીણ વિસ્તારોની અનેક શાળાઓમાં હજુ પણ જર્જરિત ઈમારતો, શૌચાલય અને અન્ય મૂળભૂત સુવિધાઓનો અભાવ જોવા મળે છે.

શિક્ષકોની ભરતી મામલે પણ સરકાર ઝડપી અને ગુણવત્તાસભર ભરતી પ્રક્રિયાની વાત કરે છે, જ્યારે અનેક જગ્યાએ કાયમી શિક્ષકોની અછતને કારણે કરાર આધારિત અથવા ટૂંકાગાળાની વ્યવસ્થાથી કામ ચલાવાતું હોવાના આક્ષેપો છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ગુણોત્સવ સહિત વિવિધ યોજનાઓ અને આંકડાઓ રજૂ કરવામાં આવે છે, પરંતુ કાયમી શિક્ષકોની અછતના કારણે વિદ્યાર્થીઓના પાયાના ગણિત અને વાંચન જેવા વિષયોમાં નબળા પરિણામો અંગે પણ સવાલો ઊભા થાય છે.

બીજી તરફ ખાનગી શાળાઓની ફી પર નિયંત્રણ માટે ફી નિયમન કાયદો અમલમાં હોવા છતાં પુસ્તકો, યુનિફોર્મ અને વિવિધ એક્ટિવિટી ફીના નામે વાલીઓ પાસેથી વધારાની રકમ વસૂલાતી હોવાની ફરિયાદો સમયાંતરે સામે આવે છે. આમ, સરકારી દાવાઓમાં શિક્ષણ ક્ષેત્રે વિકાસ અને સુધારાનું ચિત્ર રજૂ થાય છે, જ્યારે જમીની હકીકત અનેક સ્થળોએ હજુ પણ અલગ હોવાનું ચિત્ર સામે આવે છે.શું તંત્ર પાસે વાસ્તવિક ઈચ્છાશક્તિનો અભાવ છે?

શિક્ષણ એ માત્ર રાજકીય એજન્ડા કે ચૂંટણી લક્ષી જાહેરાતનો વિષય હોઈ શકે નહીં. તે રાજ્યની આવનારી પેઢીનું ભવિષ્ય ઘડે છે. જો રાજ્યના બજેટમાંથી શિક્ષણ પાછળ અબજો રૂપિયા ફાળવવામાં આવતા હોય, તો પછી તે રકમનો યોગ્ય ઉપયોગ કેમ દેખાતો નથી? શા માટે શિક્ષણ વિભાગમાં વહીવટી નિષ્ક્રિયતા અને કાગળ પરના વિકાસનો ખેલ ચાલી રહ્યો છે?




**પાક્કો ગુજરાત ન્યૂઝનો સીધો સવાલ:**
જો સરકાર ખરેખર ગુજરાતના બાળકોના ભવિષ્ય પ્રત્યે ગંભીર હોય, તો તાત્કાલિક ધોરણે તમામ સરકારી શાળાઓમાં કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવે, જર્જરિત શાળાઓનું નવીનીકરણ થાય અને ખાનગી શાળાઓની લૂંટ પર કાયમી બ્રેક લગાવવામાં આવે. પ્રજા હવે પોકળ દાવાઓ નહીં, પણ જમીની સ્તર પર શિક્ષણનું મજબૂત માળખું જોવા માંગે છે.

# રમતના મેદાનમાં હવે DNAની એન્ટ્રી : ગુજરાતે શરૂ કર્યો દેશનો પ્રથમ 'સ્પોર્ટ્સ જીનોમિક્સ' પ્રોગ્રામ

*વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) મારફતે આ પહેલ હાથ ધરવામાં આવી*

ગાંધીનગર

નેશનલ સ્પોર્ટ્સ ડે (29 ઓગસ્ટ) પૂર્વે ગુજરાતે રમતગમત ક્ષેત્રમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો નવો પ્રયોગ શરૂ કર્યો છે. રાજ્ય સરકારે 'સ્પોર્ટ્સ જીનોમિક્સ પ્રોગ્રામ' લોન્ચ કર્યો છે. આ અંતર્ગત રમતવીરોના DNA સેમ્પલ લઈને તેમની આનુવંશિક, શારીરિક અને રમતગમતની કામગીરી સાથે સંકળાયેલી વિશેષતાઓનો અભ્યાસ કરવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ, સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.



વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) મારફતે આ પહેલ હાથ ધરવામાં આવી છે. GBRCના વૈજ્ઞાનિકોએ વિવિધ રમતોના ખેલાડીઓના સેમ્પલ લેવાની શરૂઆત કરી દીધી છે. પ્રથમ તબક્કામાં ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશન (GSTA) ના ટેનિસ ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. આગામી તબક્કામાં વિજયી ભારત ફાઉન્ડેશન સાથે જોડાયેલા તીરંદાજી, ફેન્સિંગ, જુડો અને શૂટિંગના ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવશે. ચાલુ વર્ષે કુલ 2,000 સેમ્પલ એકત્ર કરી તેનું વિશ્લેષણ કરવાનો લક્ષ્યાંક છે, જ્યારે આગામી પાંચ વર્ષમાં કુલ 10,000 સેમ્પલનું હોલ-જિનોમ સિક્વન્સિંગ કરવાની યોજના છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, "જીનોમિક્સને સ્પોર્ટ્સ સાયન્સ, ફિઝિયોલોજી અને પોષણ વિજ્ઞાન સાથે સાંકળીને રમતગમતની પ્રતિભાની ઓળખ અને વિકાસ માટે વધુ વૈજ્ઞાનિક અને પુરાવા આધારિત અભિગમ વિકસાવવાનો આ કાર્યક્રમનો ઉદ્દેશ છે." તેમણે સ્પષ્ટ કર્યું કે રમતવીરની કામગીરી માત્ર આનુવંશિકતા પર આધારિત નથી. તાલીમ, કોચિંગ, પોષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક સહયોગ અને પર્યાવરણ જેવા પરિબળો પણ ખેલાડીના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

રમતની વાત કરીએ તો એથ્લેટિક્સ, સ્વિમિંગ, બોક્સિંગ, કુસ્તી, જુડો, તાઈક્વોન્ડો, જિમ્નાસ્ટિક્સ અને ફેન્સિંગ ઉપરાંત ફૂટબોલ, હોકી, હેન્ડબોલ, વોલીબોલ, બાસ્કેટબોલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લૉન ટેનિસ, કબડ્ડી અને ખો-ખોનો સમાવેશ થશે. તીરંદાજી, શૂટિંગ અને ચેસ જેવી ચોકસાઈ અને કૌશલ્ય આધારિત રમતો પણ યોજનામાં સામેલ છે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના ચેમ્પિયન ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

# સુરતી શિક્ષકની 3000 બહેનો, ફ્રીમાં ભણાવી ડોક્ટર-ટીચર બનાવી:321 બહેન-દીકરીઓએ એકસાથે રાખડી બાંધી



સુરત

રક્ષાબંધનના તહેવાર પર સુરતના એક શિક્ષકની કહાની જણાવી રહ્યા છે કે જેમને એકપણ સગી બહેન નથી છતાં આજે તેઓ ગુજરાતભરની 3000થી વધુ બહેનોના લાડીલા ભાઈ બન્યા છે. સાચી સેવા માટે માત્ર પૈસા નહીં પણ સંવેદનશીલ હૃદયની જરૂર હોય છે. આ વાતને સુરતના નરેશ મહેતાએ સાર્થક કરી બતાવી છે. છેલ્લા 12 વર્ષથી વિષમ પરિસ્થિતિઓને લીધે અભ્યાસ છોડી ચૂકેલી બહેનોને વિનામૂલ્યે ઓનલાઈન શિક્ષણ આપી તેમના અધૂરા સપનાઓને નવી પાંખો આપી છે. જેના કારણે 321 બહેન-દીકરીઓએ એક સાથે રાખડી બાંધી રક્ષાબંધનના પર્વની ઉજવણી કરી હતી. અમરેલીના રાજુલાના બરબટાણા ગામના વતની નરેશ મહેતા વર્ષ 2002થી શિક્ષણ જગત સાથે જોડાયેલા છે. તેમણે પોતાનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગામડામાં તથા વાવેરા ખાતે મેળવ્યું. મહુવામાં હાઈસ્કૂલ અને ભાવનગરના સોનગઢ ખાતે પીટીસી કર્યું. વર્ષ 2002માં સુરત નગર પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા અને હરિધામ સોસાયટી સ્થિત સ્કૂલ નં-271માં તેમણે 15 વર્ષ ફરજ બજાવી હતી.

# જામનગરના જોડિયામાં રાજાશાહી વખતના તળાવના સમારકામમાં લોલમલોલ!

## પંચાયત સભ્યના સનસનાટીભર્યા આક્ષેપોથી ખળભળાટ ભાજપ સરકારના દાવાઓ વચ્ચે ભ્રષ્ટાચારના ધજીયા ઉડ્યા

જામનગર

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના કેશીયા ગામે આવેલા ઐતિહાસિક અને રાજાશાહી વખતના તળાવના સમારકામ તથા પાળ બાંધવાના કામમાં ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. ભૂપેન્દ્ર પટેલ સરકાર દ્વારા વિકાસના નામે મંજૂર કરવામાં આવેલા કરોડોના કામોમાં કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતથી લોલમલોલ ચાલી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. કેશીયા ગ્રામ પંચાયતના સભ્ય મનોજભાઈએ મીડિયા અને જનતા સમક્ષ આવીને કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.




તેમણે ખુલ્લેઆમ આરોપ લગાવ્યો છે કે તળાવની પાળ અને આરસીસી (RCC)નું જે નિર્માણ થઈ રહ્યું છે, તેની ગુણવત્તા એટલી હલકી કક્ષાની છે કે તે 'ધૂળની પાળી કરતાં પણ નબળું' સાબિત થઈ રહ્યું છે. સિમેન્ટ અને મટીરીયલના નામે ચાલતી આ વેઠના કારણે પ્રથમ વરસાદમાં જ આ પાળ ધોવાઈ જાય તો નવાઈ નહીં! આ મામલે સ્થાનિક પ્રજામાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. જામનગર વિસ્તારના પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજી પટેલ તેમજ સાંસદ પૂનમબેન માડમ સામે પણ સવાલોનો વંટોળ ઉઠ્યો છે. ગ્રામજનો પૂછી રહ્યા છે કે પોતાના જ વિસ્તારમાં પ્રજાના ટેક્સના પૈસાનો આ રીતે દુરુપયોગ થઈ રહ્યો છે ત્યારે આ લોકપ્રતિનિધિઓ કેમ મૌન સેવીને બેઠા છે? શું જવાબદાર નેતાઓ અને તંત્રએ ભ્રષ્ટાચાર સામે આંખો બંધ કરી દીધી છે? એક તરફ રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ એગેન્સ્ટ કરપ્શન'ના દાવા કરે છે, તો બીજી તરફ જોડિયાના કેશીયામાં ચાલતું આ કામ સરકારની પોલ ખોલી રહ્યું છે. સરકારી ચોપડે કરોડો રૂપિયાનું બજેટ ઉધારીને કાગળ પર મજબૂત કામ બતાવવામાં આવે છે, પરંતુ ધાતળ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. સ્થાનિકોની માંગ છે કે આ કામની તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ (Quality Audit) કરાવવામાં આવે,

## રક્ષાબંધને નારીશક્તિનો ડંકો

# ગાંધીનગરમાં રક્ષાબંધને મફત ઈ-બસ સેવા મહિલાઓ માટે આશીર્વાદરૂપ નીવડી

ગાંધીનગર

ભાઈ-બહેનના પવિત્ર સંબંધને મનાવતા રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ગાંધીનગર મહાનગર પાલિકાએ મહિલાઓની સુરક્ષા અને સુવિધાને કેન્દ્રમાં રાખીને ઈ-બસોમાં મફત પ્રવાસની ભેટ આપી હતી.આ પહેલથી બહેનો પોતાના ભાઈઓના ઘરે સમયસર અને આર્થિક બોજ વિના પહોંચી શકી હતી, જેના પરિણામે સવારથી લઈને મોડી સાંજ સુધીમાં ત્રણ હજારથી વધુ મહિલાઓએ આ સુવિધાનો લાભ લીધો હતો.



મહાનગરપાલિકાની આ લોકકલ્યાણકારી સરાહનીય પહેલને શહેરની નારીશક્તિ તરફથી અભૂતપૂર્વ અને ઉમળકાભેર પ્રતિસાદ સાંપડ્યો છે. તહેવારના દિવસે સવારથી જ શહેરના વિવિધ રૂટ પર દોડતી ઈ-બસોમાં મહિલા મુસાફરોની ભારે ભીડ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર ઈ-બસ સેવા હેઠળ નોંધાયેલા કુલ 6381 મુસાફરોમાંથી 2254થી વધુ મહિલાઓએ વિનામૂલ્યે મુસાફરી કરીને આ યોજનાનો સીધો લાભ લીધો હતો.

એટલું જ નહીં મહિલાઓની સાથે પ્રવાસ કરી રહેલા 202 જેટલા નાના બાળકોને પણ તહેવાર નિમિત્તે આ મફત સાર્વજનિક પરિવહન સેવામાં સાંકળી લેવામાં આવ્યા હતા. તહેવારને લઈ મુસાફરોના ઘોડાપૂરને ધ્યાનમાં રાખીને પરિવહન શાખા દ્વારા તમામ રૂટ પર બસોનું સંચાલન નિયમિત અને વ્યવસ્થિત રાખવામાં આવ્યું હતું. જેના કારણે નાગરિકોને બસ સ્ટેન્ડ પર લાંબી રાહ જોવી પડી નહોતી.મોડી સાંજ સુધી શહેરના તમામ મુખ્ય માર્ગો પર ઈ-બસો દોડતી રહી હોવાથી દિવસના અંતે મફત મુસાફરી કરનાર મહિલાઓ અને બાળકોનો એકંદર આંકડો 3000થી 3200 સુધી પહોંચવાનો અંદાજ સેવવામાં આવ્યો છે.

પાક્કો ગુજરાત
શનિવાર । 29 ઓગસ્ટ 2026 । અમદાવાદ

# કોબા કેનાલ પર 12-લેન બ્રિજ માટે પોન્ટૂન બ્રિજનું લોન્ચિંગ!!

## 90 ટનના વિશાળ સ્ટ્રક્ચરને બે 400 ટનની જાયન્ટ ક્રેનથી નર્મદા મુખ્ય નહેરમાં સ્થાપિત કરાયું

ગાંધીનગર

ગાંધીનગરના કોબા-એરપોર્ટ રોડ નજીક નર્મદા મુખ્ય નહેર પર વિશાળ અને અત્યાધુનિક પોન્ટૂન બ્રિજનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. નર્મદા મુખ્ય નહેરમાં પાણીનો સતત પ્રવાહ ચાલુ હોવા છતાં આગામી બ્રિજના બાંધકામની કામગીરી સરળતાથી થઈ શકે તે માટે આ પોન્ટૂન સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે.

પોન્ટૂન બ્રિજનું સ્ટ્રક્ચર અંદાજે 90 ટન જેટલો ભારે લોડ સહન કરવાની ક્ષમતા ધરાવે છે. આ વિશાળ સ્ટ્રક્ચરને નહેરના વહેતા પાણીમાં સ્થાપિત કરવું પડકારજનક હતું. જોકે, 400 ટન ક્ષમતા ધરાવતી બે જાયન્ટ ક્રેનની મદદથી અત્યંત ચોકસાઈપૂર્વક પોન્ટૂનને પાણીમાં ઉતારી નિર્ધારિત સ્થળે સ્થાપિત કરવામાં આવ્યું છે.

આ કામગીરી દરમિયાન એક તરફ નર્મદા નહેરનો પાણીનો પ્રવાહ સતત ચાલુ રહ્યો અને બીજી તરફ ભારે સ્ટ્રક્ચરના લોન્ચિંગ અને



પોઝિશનિંગની કામગીરી કરવામાં આવી હતી. ગુજરાતના માર્ગ અને મકાન વિભાગના પાટનગર યોજના વિભાગ-3ના એન્જિનિયરો તથા ટેક્નિકલ ટીમના સંકલનથી આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે.

નર્મદા મુખ્ય નહેરમાં સતત પાણી વહેતું હોવાથી બ્રિજના બાંધકામ દરમિયાન ભારે મશીનરી અને કામદારો માટે સીધી રીતે કામ કરવું પડકારજનક બને છે. આવા સંજોગોમાં પોન્ટૂન બ્રિજ પાણી ઉપર વર્કિંગ પ્લેટફોર્મ તરીકે કામ કરશે. આના કારણે નહેરના પાણીના પ્રવાહને રોક્યા વિના બ્રિજના બાંધકામની વિવિધ કામગીરી, ભારે મશીનરીની અવરજવર અને અન્ય સિવિલ વર્ક આગળ વધારી શકાશે.

કોબા-એરપોર્ટ રોડ પર નર્મદા મુખ્ય નહેરનો બ્રિજ અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના સૌથી મહત્વના ટ્રાફિક કોરિડોર પૈકીનો એક છે. હાલનો બ્રિજ 6 લેનનો છે, પરંતુ વાહનોની વધતી સંખ્યાને કારણે અહીં વારંવાર ટ્રાફિકનું દબાણ સર્જાય છે.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે હાલના બ્રિજની બંને બાજુ 3-3 લેનના નવા બ્રિજ બનાવવાની યોજના છે. એટલે કે જૂના 6 લેન બ્રિજ સાથે બંને તરફના નવા બ્રિજ તૈયાર થયા બાદ આ સમગ્ર કેનાલ ક્રોસિંગની ક્ષમતા 12 લેન સુધી પહોંચશે.

અમદાવાદથી ગાંધીનગર, એરપોર્ટ અને આગળના વિસ્તારો તરફ જતા વાહનો માટે કોબા-ભાટ-એરપોર્ટ રોડ અત્યંત મહત્વનો છે. આ માર્ગ પર ટ્રાફિકનું પ્રમાણ સતત વધતું હોવાથી નર્મદા કેનાલનો હાલનો બ્રિજ એક પ્રકારના 'બોટલનેક' તરીકે ઉભરી આવ્યો છે. 12 લેનની વ્યવસ્થા ઊભી થયા બાદ આ બોટલનેક દૂર થવાની સાથે વાહનોનો પ્રવાહ વધુ સરળ બનશે અને પીક અવર્સમાં ટ્રાફિક જામની સમસ્યામાં પણ રાહત મળવાની અપેક્ષા છે.

---

### ચોગા પમ્પિંગ સ્ટેશનથી તાત્કાલિક પૂરતા પ્રવાહમાં પાણી છોડવા ઉગ્ર માંગ

# લાખણી-દિયોદર સુજલામ સુફલામ કેનાલમાં પાણી મુદ્દે ખેડૂતોનો વિરોધ

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના લાખણી અને દિયોદર પંથકમાં સિંચાઈના પાણી માટે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સુજલામ સુફલામ કેનાલમાં પૂરતા પ્રમાણમાં પાણી ન મળતાં સ્થાનિક ખેડૂતોએ એકઠા થઈને તંત્ર અને સરકાર સામે ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. એક તરફ ચોમાસાના પાકને બચાવવા માટે પાણીની તાતી જરૂરિયાત છે, તો બીજી તરફ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી જાહેરાતો છતાં છેવાડાના ગામો સુધી પાણી ન પહોંચતાં ખેડૂતોમાં ભારે રોષ અને અસંતોષ ભભૂકી ઊઠ્યો છે. પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે ચોગા પમ્પિંગ સ્ટેશનથી તાત્કાલિક ધોરણે સુજલામ સુફલામ કેનાલમાં પૂરતા પ્રવાહ સાથે પાણી છોડવામાં આવે. ખેડૂતોનું કહેવું છે કે જો સમયસર અને પૂરતું પાણી નહીં મળે તો તેમનો ઊભો પાક બળીને ખાખ થઈ જશે અને તેમને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવશે. તંત્રની



ઢીલી નીતિને કારણે ખેડૂતો રસ્તા પર ઊતરવા મજબૂર બન્યા છે. સરકાર દ્વારા સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાની અને છેવાડાના ખેડૂતો સુધી સિંચાઈનું પાણી પહોંચાડવાની મોટી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે લાખણી અને દિયોદરના છેવાડાના વિસ્તારો સુધી પાણીનું એક ટીપું પણ પહોંચ્યું નથી. ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે કે નેતાઓ અને અધિકારીઓના દાવપેચ વચ્ચે માત્ર કાગળ પર જ પાણી છોડવાની વાતો થાય છે, જ્યારે ધરતીપુત્રોના ખેતરો તરસ્યા જ રહી જાય છે. ખેડૂતોએ ભેગા મળીને તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આવનારા ટૂંક સમયમાં ચોગા પમ્પિંગ સ્ટેશનથી પૂરતા પ્રમાણમાં પાણી કેનાલમાં ચાલુ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સમગ્ર દિયોદર અને લાખણી પંથકના ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન અને ચક્કાજામ કરવામાં આવશે. સુજલામ સુફલામ કેનાલ પર રક્તરંજિત સ્થિતિ સર્જાય તે પહેલાં તંત્ર જાગે અને ખેડૂતોના હકની સિંચાઈનું પાણી ત્વરિત પૂરું પાડે તેવી જોરદાર માંગ ઉઠી છે.

---

### ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વીડિયો શેર કરી સરાહના કરી

# રક્ષાબંધને ST કર્મયોગીઓના કાંડે બંધાઈ રાખડી : શાળાની દીકરીઓએ ડ્રાઇવર-કંડક્ટર ભાઈઓનું સન્માન કર્યું

ગાંધીનગર

રક્ષાબંધનના પવિત્ર પર્વે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના ડ્રાઈવર અને કંડક્ટરો માટે શાળાની દીકરીઓએ અનોખી રીતે સન્માન વ્યક્ત કર્યું હતું. રોજબરોજ હજારો મુસાફરોને સુરક્ષિત રીતે તેમની મંઝિલ સુધી પહોંચાડતા એસ.ટી.ના કર્મયોગીઓના કાંડે શાળાની દીકરીઓએ રાખડી બાંધી હતી. આ પ્રસંગે દીકરીઓએ એસ.ટી.




કર્મચારીઓ પ્રત્યે આદર અને તેમની જનસેવાની ભાવનાને બિરદાવી હતી. પરિવારથી દૂર રહીને દિવસ-રાત ફરજ બજાવતા ડ્રાઈવર અને કંડક્ટર ભાઈઓ માટે આ ક્ષણ લાગણીસભર બની હતી. નાનકડા હાથોથી બંધાયેલી રાખડી તેમના માટે સન્માન અને સમાજના વિશ્વાસનું પ્રતીક બની હતી.

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ આ પ્રસંગનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરી એસ.ટી. કર્મયોગીઓની સેવા અને દીકરીઓની લાગણીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે રાખડીનો પવિત્ર દોર માત્ર ભાઈના કાંડે નહીં, પરંતુ સમગ્ર સમાજને સ્નેહ અને સન્માનના બંધનમાં જોડે છે.

આ અનોખી રક્ષાબંધન ઉજવણીએ સાબિત કર્યું કે સ્નેહ, રક્ષણ અને માનવતાના સંબંધો માત્ર લોહીના સંબંધો પૂરતા સીમિત નથી. કાર્યક્રમથી એસ.ટી. કર્મચારીઓમાં પણ ઉત્સાહ અને ગૌરવની લાગણી જોવા મળી હતી.

---

### નડિયાદ સબ જેલમાં લાગણીસભર દ્રશ્યો

# સગી બહેનોએ બંદીવાન ભાઈઓના કાંડા પર રક્ષા બાંધી : જેલના સળિયા પાછળ પણ છલકાયો બહેનનો પવિત્ર સ્નેહ

નડિયાદ

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને રક્ષણના પ્રતીક સમાન રક્ષાબંધનના તહેવારની ઉજવણી આજે સમગ્ર રાજ્યની સાથે નડીઆદ જિલ્લા જેલ ખાતે પણ અત્યંત ભાવુક અને લાગણીસભર વાતાવરણમાં કરવામાં આવી હતી. ગુનાની સજા કે કાચા કામના કેદી તરીકે જેલના સળિયા પાછળ દિવસો વિતાવી રહેલા બંદીવાન ભાઈઓ માટે આજનો દિવસ આશા અને સ્નેહનું નવું કિરણ લઈને આવ્યો હતો. પોતાના ભાઈઓને રાખડી બાંધવા પહોંચેલી સગી બહેનો અને ભાઈઓના મિલનથી જેલ પરિસરમાં ક્ષણભર માટે કરૂણા અને પ્રેમનો માહોલ સર્જાયો હતો. જેલમાં બંધ બંદીવાનો પણ પોતાના પરિવાર અને તહેવારોની લાગણીથી વંચિત ન રહે તેવા સરાહનીય હેતુથી અધિક પોલીસ મહાનિદેશક (જેલ) ડો. કે. એલ.એન. રાવ (IPS) ના માર્ગદર્શન અને આદેશ અનુસાર નડીઆદ જિલ્લા જેલ ખાતે રક્ષાબંધન પર્વના વિશેષ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજન હેઠળ સગી બહેનો પોતાના બંદીવાન ભાઈઓને અને જેલમાં રહેલી બંદીવાન મહિલાઓ પોતાના સગા ભાઈઓને રૂબરૂ મળીને શાસ્ત્રોક્ત વિધિ મુજબ રાખડી બાંધી શકે તેવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સુરક્ષાના તમામ નિયમોનું પાલન કરીને યોજાયેલા આ કાર્યક્રમમાં બહેનોએ પોતાના ભાઈઓના કાંડા પર રક્ષા કવચ બાંધીને તેમના દીર્ઘાયુ અને જલ્દીથી જેલમુક્ત થઈને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરે તેવી પ્રાથના કરી હતી.




---

### ડભોઇ નજીક હૃદયકંપાવનારી ત્રિપલ અકસ્માતની ઘટના

# પૂરપાટ ઝડપે આવતા કન્ટેનરે બાઇક-એક્ટિવાને ચગધા, એકનું કમકમાટીભર્યું મોત અને બે ગંભીર

ડભોઇ

ડભોઇ તાલુકાના તરસાણા અને વસઈ ગામ વચ્ચે આવેલો માર્ગ આજે રક્તરંજિત બન્યો હતો. કાળ બનીને ધસી આવેલા એક પૂરપાટ ઝડપે દોડતા અજાણ્યા વાહને રસ્તા પરથી પસાર થઈ રહેલા બાઈક અને એક્ટિવાને એવી જોરદાર ટક્કર મારી હતી કે સમગ્ર વિસ્તાર ચીસિયારીઓથી ગૂંજી ઊઠ્યો હતો. આ ભયાનક અકસ્માતમાં બાઈક સવારનું ઘટનાસ્થળે જ અરેરાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે એક્ટિવા પર સવાર બે નિર્દોષ યુવકો લોહીલુહાણ હાલતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, વસઈ ગામના રહીશ બુદ્ધિસાગર ખોડાભાઈ રાઠોડિયા પોતાના બાઈક પર તરસાણા-વસઈ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે જ સમયે અન્ય



એક એક્ટિવા પર હર્ષ પ્રભાતભાઈ બારીયા અને હાર્દિક દિલીપભાઈ બારીયા પણ જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી કે સામેથી પૂરપાટ ઝડપે અને બેફામ રીતે ધસી આવેલા એક અજાણ્યા ભારે વાહને બંને વાહનોને પોતાના કાળમુખા પંજામાં લઈ લીધા હતા. ટક્કર એટલી હદે ભયાનક અને જોરદાર હતી કે બાઈક અને એક્ટિવાના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને વાહનોના કૂચા બોલાઈ ગયા હતા. ટક્કર માર્યા બાદ માનવતા નેવે મૂકીને વાહન ચાલક પોતાના વાહન સાથે અંધારામાં કે રસ્તા પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને નજરે જોનારા સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ટક્કર મારનાર વાહન કોઈ વિશાળ કન્ટેનર હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ત્રિપલ અકસ્માતમાં બાઈક સવાર બુદ્ધિસાગર ખોડાભાઈ રાઠોડિયાને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ પ્રાણઘાતક ઈજાઓ પહોંચતા તેમણે ઘટનાસ્થળે જ તડપી-તડપીને દમ તોડી દીધો હતો.

---

# રાજકોટ PCB નો મોટો ધમાકો: 'Skin Care Gel' ની બોગસ બિલ્ટી નીચે છુપાવેલો વિદેશી દારૂનો કાળો કારોબાર બસ્ટ

રાજકોટ

રાજકોટ શહેર પીસીબી (Police Crime Branch) ની ટીમે બૂટલેગરોની હાઈટેક મોડસ ઓપરેન્ડી પર પાણી ફેરવીને દારૂની હેરાફેરી સામે એક મોટું અને સફળ ઓપરેશન પાર પાડ્યું છે. રાજ્યમાં દારૂબંધીના કાયદાનો ભંગ કરીને ગુજરાતમાં દારૂ ઘુસાડવાના બૂટલેગરોના નવા કીમિયાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. દિલ્હીથી વાયા રાજકોટ થઈને જામનગર તરફ જઈ રહેલા વિદેશી દારૂના મોટા જથ્થાને પીસીબીની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને ઝડપી પાડ્યો છે. પોલીસને ચકમો આપવા માટે બૂટલેગરોએ અત્યંત શાતિર મગજ દોડાવ્યું હતું. વાહનમાં ટ્રાન્સપોર્ટ માટે 'Skin Care Gel' (ત્વચાની સંભાળ માટેનું જેલ) ની બનાવટી અને બોગસ બિલ્ટીઓ તૈયાર કરવામાં આવી હતી, જેથી ચેકપોસ્ટ કે પોલીસ તપાસ દરમિયાન કોઈને શંકા ન જાય. પરંતુ રાજકોટ પીસીબીની તીક્ષ્ણ નજરે આ સમગ્ર કાવતરાને નિષ્ફળ બનાવી દીધું હતું. વાહનની બારીકાઈથી તપાસ કરવામાં આવતાં બોક્સની અંદરથી સ્કિન કેર જેલને બદલે મોંઘીદાટ બ્રાન્ડનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

પીસીબીની ટીમે સમગ્ર વિદેશી દારૂનો જથ્થો, ટ્રાન્સપોર્ટ વાહન તેમજ બોગસ કાગળો સહિતનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દિલ્હીથી આટલો મોટો જથ્થો કોણે મોકલ્યો હતો અને જામનગરમાં આ માલ કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. રાજકોટ પીસીબીની આ ઘાતક કાર્યવાહીથી આંતરરાજ્ય દારૂના સપ્લાયરો અને સ્થાનિક બૂટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.


---

### મોડાસામાં ટ્રાફિક નિયમોના સરેઆમ ધજાગરા

# ભરચક બજાર વચ્ચે ઈકો ગાડીની છત પર 6-7 લોકો જીવના જોખમે સવાર!!

અરવલ્લી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં તહેવારોનો માહોલ જામતાં જ માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના લીરેલીરા ઊડતા જોવા મળ્યા છે. શહેરના અત્યંત વ્યસ્ત અને ભરચક બજારમાંથી પસાર થઈ રહેલી એક ઈકો ગાડીની છત પર ૬થી ૭ જેટલા લોકો છાપરે બેસીને મુસાફરી કરતા હોય તેવો એક ભયાનક અને ચોંકાવનારો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જાહેર રસ્તા પર લોકોના જીવ જોખમમાં મુકીને ખેલાઈ રહેલા આ મોતના ખેલથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે અરેરાટી સાથે રોષ વ્યાપી ગયો છે. તહેવારો નજીક આવતાં જ મોડાસાના રસ્તાઓ પર મુસાફરોના ઘોડાપૂર ઉમટી રહ્યા છે. આ પરિસ્થિતિનો ગેરફાયદો ઉઠાવીને કેટલાક લાલચુ અને બેફામ



વાહનચાલકો વધુ કમાણી કરવાની લહાયમાં મુસાફરોના જીવ સાથે ખુલ્લેઆમ રમત રમી રહ્યા છે. ઈકો ગાડીની અંદર ક્ષમતા કરતા વધુ મુસાફરો ખીચોખીચ ભર્યા હોવા છતાં, ગાડીની છત (કેરિયર) પર પણ ૬થી ૭ લોકોને જોખમી રીતે બેસાડીને પૂરપાટ ઝડપે વાહન દોડાવવામાં આવી રહ્યું હતું. સહેજ પણ સમતોલન બગડે કે અચાનક બ્રેક વાગે તો મોટી જાનહાનિ સર્જાઈ શકે તેમ હતી. જાહેર રસ્તા પર દિવસ-રાત પેટ્રોલિંગ કરતી મોડાસા શહેર પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની છાપ હેઠળ આ પ્રકારનો સ્ટંટબાજી જેવો ખેલ કઈ રીતે શક્ય બન્યો? શું ટ્રાફિક પોલીસ માત્ર સામાન્ય હેલ્મેટ કે સીટબેલ્ટના દંડ વસૂલવામાં જ મસ્ત છે?

તહેવારોના સમયે મુસાફરો પાસેથી બમણા ભાડા વસૂલીને તેમના જીવ જોખમમાં મુકતા આ વાહનચાલકો સામે પોલીસ તંત્ર લાલ આંખ કરશે કે કેમ, તેવા અનેક તીખા સવાલો જનતા પૂછી રહી છે. સોશિયલ મીડિયામાં આ વિડીયો વાયરલ થતાં જ અરવલ્લી પોલીસ હરકતમાં આવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિક નાગરિકો અને ટ્રાફિક જાગરૂકો માંગ કરી રહ્યા છે કે ઈકો ગાડીના નંબરના આધારે વાહનમાલિક અને ચાલકની ઓળખ કરી તેનું લાયસન્સ રદ કરવામાં આવે તેમજ આવી જોખમી સવારી કરાવનારા તમામ સામે ગંભીર ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે.

---

### વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ

# AAP નેતા ઈસુદાન ગઢવી 29 ઓગસ્ટથી ખંભાળિયા ખાતે બેસશે આમરણાંત ધરણા પર

દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સિંચાઈ અને પીવાના પાણીની વિકટ બનતી જતી પરિસ્થિતિ તથા વરસાદની ખેંચને પગલે ખેડૂતોની માઠી દશા બેઠી છે. જગતના તાતની આ કટોકટીપૂર્ણ સ્થિતિ વચ્ચે હવે રાજકીય ગરમાવો પકડાયો છે. આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ દ્વારકા જિલ્લાને તાત્કાલિક અસરથી 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરવાની માંગ સાથે સરકાર સામે મોરચો માંડ્યો છે. તેમણે જાહેરાત કરી છે કે ખેડૂતોના હક અને આર્થિક ન્યાય માટે તેઓ ૨૯ ઓગસ્ટથી ખંભાળિયા ખાતે અનિશ્ચિત મુદતના ધરણા પર બેસશે. દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં વરસાદ ન થવાના કારણે જળાશયોના તળિયા દેખાઈ રહ્યા છે અને ખેતરોમાં ઊભો પાક પાણી વિના સુકાઈ રહ્યો છે. ખેડૂતોએ વાવણી માટે કરેલો બિયારણ અને ખાતરનો તમામ ખર્ચ માટીમાં મળી રહ્યો છે. આવી કપરી પરિસ્થિતિમાં સ્થાનિક ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર કે સરકાર દ્વારા હજુ સુધી કોઈ રાહત પેકેજ કે જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લેવાયો નથી, જેને કારણે ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. ધરણા કાર્યક્રમની જાહેરાત કરતાં આપ નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, 'દ્વારકાનો ખેડૂત આજે પાણી વિના તડપી રહ્યો છે અને તેનો પાક નિષ્ફળ જતાં તે દેવાના બોજ તળે દબાઈ રહ્યો છે. છતાં સત્તામાં બેઠેલી સરકાર આંખ આડા કાન કરી રહી છે.' તેમણે ઉમેર્યું હતું કે જાનના જોખમે પણ ખેડૂતો માટે લડત ચાલુ રહેશે અને ૨૯ ઓગસ્ટથી ખંભાળિયા ખાતે ધરણા પર બેસીને સરકાર પાસે દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની તથા ખેડૂતોને યોગ્ય વળતર આપવાની માંગ કરવામાં આવશે.

---

# બાંદ્રા-ભુજ સુપરફાસ્ટ ટ્રેનમાં દારૂનો કાળો કારોબાર: સુરત સ્ટેશને મુસાફરોની સતર્કતાથી ભાંડો ફોડાયો!!

**સુરત જેવા અત્યંત ધમધમતા અને હાઈ-સિક્યોરિટી ધરાવતા રેલવે સ્ટેશન પર આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો ટ્રેનમાં ઘુસાડવાની હિંમત કોણે કરી?**

સુરત

ગુજરાતમાં દારૂબંધી વચ્ચે હવે રેલવે માર્ગે પણ વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની ઘટના સામે આવી છે. મુંબઈના બાંદ્રાથી ભુજ જતી બાંદ્રા-ભુજ એક્સપ્રેસ ટ્રેનમાં સુરત રેલવે સ્ટેશન નજીક મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ચડાવવામાં આવી રહ્યો હોવાની માહિતી સામે આવી હતી.

ટ્રેનમાં મુસાફરી કરી રહેલા કેટલાક જાગૃત મુસાફરોએ સુરત સ્ટેશન નજીક શંકાસ્પદ હિલચાલ નિહાળી હતી. કેટલાક ઈસમો મોટા પાર્સલો અને થેલાઓ મારફતે દારૂનો જથ્થો રેલવે કોચમાં ચડાવતા હોવાનું જણાતા મુસાફરોએ તાત્કાલિક રેલવે પોલીસ (GRP) અને સુરક્ષા તંત્રને જાણ કરી હતી.

માહિતી મળતાં પોલીસ અને સુરક્ષા કર્મચારીઓ સ્થળ તરફ પહોંચ્યા હતા. જોકે, પોલીસની હિલચાલની જાણ થતાં દારૂ ચડાવનારા શખ્સો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

પોલીસે ટ્રેનમાંથી વિદેશી દારૂનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ જથ્થો ક્યાંથી આવ્યો હતો અને ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ દ્વારા સ્ટેશનના CCTV ફૂટેજ તેમજ ટ્રેનના કોચ સંબંધિત વિગતો તપાસવામાં આવી રહી છે. દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા શખ્સો અને પાછળ રહેલા નેટવર્ક સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...


# ભાઈ નથી, પણ તેનું હૃદય ધબકે છે': સુરતમાં રક્ષાબંધને સર્જાયો આત્મીયતાનો અદ્ભુત અહેસાસ

### બ્રેઈનડેડ શૈશવના હૃદયથી નવજીવન મેળવનાર રવિરાજના કાંડે બહેન નિર્ધિએ પ્રેમની રક્ષા બાંધી

સુરતની પુણ્યભૂમિ પરથી રક્ષાબંધનના આ પવિત્ર પર્વે માનવતા, સદ્ભાવના અને આત્મીયતાની એક એવી અદ્ભુત તેમજ હૃદયસ્પર્શી મિસાલ સામે આવી છે, જેણે સમગ્ર ગુજરાતની આંખો હરખ અને કરૂણાથી ભીની કરી દીધી છે. જે ભાઈ હવે આ ભૌતિક દુનિયામાં સશરીર હાજર નથી રહ્યો, તેનો શ્વાસ અને હૃદય આજે પણ અન્ય એક યુવાનની છાતીમાં ધબકી રહ્યા છે–એ જ અહેસાસ અને શ્રદ્ધા સાથે સ્વર્ગસ્થ શૈશવ પટેલની બહેન નિર્ધિએ રવિરાજ મહિડા નામના યુવકના કાંડે રાખડી બાંધી હતી. આ ક્ષણે સાબિત કરી દીધું કે લોહીના સંબંધો કરતાં પણ માનવતા અને ભાવનાત્મક લાગણીના સંબંધો કેટલાંય ગુણા વધુ ગાઢ હોય છે.

## માર્ચ 2023નું એ મહાદાન: જેનાથી બે અજાણ્યા પરિવારો એક તાંતણે બંધાયા

ઘટનાની વિગતો મુજબ, માર્ચ ૨૦૨૩માં સુરતના વતની



અને માત્ર ૨૪ વર્ષની નવપલ્લવ વય ધરાવતા શૈશવ પટેલને અકસ્માત કે સારવાર દરમિયાન તબીબો દ્વારા 'બ્રેઈનડેડ' જાહેર કરવામાં આવ્યો હતો. પોતાના વહાલસોયા પુત્રને ગુમાવવાના અસહ્ય અને ઘેરા શોકના સમયમાં પણ શૈશવના પરિવારે હિમ્મત દાખવીને એક ઐતિહાસિક અને માનવતાવાદી નિર્ણય લીધો હતો. તેમણે શૈશવના અંગોનું દાન કરવાનો સંકલ્પ કર્યો.

બીજી તરફ, ૨૨ વર્ષીય યુવક રવિરાજ મહિડા ગંભીર હૃદયની બીમારીથી પીડાઈ રહ્યો હતો અને તેનો જીવ જોખમમાં હતો. શૈશવના પરિવારે કરેલા 'હૃદયદાન'ના કારણે રવિરાજ પર સફળતાપૂર્વક હૃદય પ્રત્યારોપણ (Heart Transplant) કરવામાં આવ્યું. પરિણામે, રવિરાજને એક નવું જીવન મળ્યું અને શૈશવનું હૃદય રવિરાજના શરીરમાં ધબકવા લાગ્યું. આ એક નિર્ણયે બે અજાણ્યા પરિવારોને કાયમ માટે સ્નેહના એક અદ્રશ્ય તાંતણે બાંધી દીધા.

## કાંડા પર રક્ષાકવચ અને છાતી પર ભાઈના હૃદયનો સ્પંદન

રક્ષાબંધનના પવિત્ર દિવસે જ્યારે શૈશવની બહેન નિર્ધિ રવિરાજના ઘરે પહોંચી અને તેના કાંડા પર રાખી બાંધી, ત્યારે સ્થળ પર હાજર સૌ કોઈની આંખોમાંથી અશ્રુ ધારા વહી નીકળી હતી. રાખડી બાંધ્યા બાદ જ્યારે નિર્ધિએ અત્યંત ભાવુક થઈને રવિરાજના ધબકતા હૃદય પર પોતાનો હાથ મૂક્યો, ત્યારે તેને સાક્ષાત પોતાના ભાઈ શૈશવની ઉપસ્થિતિનો અહેસાસ થયો હતો. નિર્ધિએ જણાવ્યું હતું કે, 'મારો ભાઈ આજે મારી સાથે નથી, પણ જ્યારે હું રવિરાજના હૃદયના ધબકારા સાંભળું છું ત્યારે મને લાગે છે કે શૈશવ મારી આસપાસ જ છે અને મને રક્ષણનું આશ્વાસન આપી રહ્યો છે.'

## સમાજ માટે પ્રેરણાનો સ્ત્રોત: અંગદાન એ જ સાચું મહાદાન

સુરતની આ ઘટના માત્ર બે પરિવાર વચ્ચેનો લાગણીસભર પ્રસંગ નથી, પરંતુ સમગ્ર સમાજ માટે જાગૃતિ અને પ્રેરણાનો એક વહેતો સ્ત્રોત છે. આપણા દેશમાં આજે પણ હજારો દર્દીઓ માત્ર યોગ્ય અંગ ન મળવાને કારણે અકાળે મોતને ભેટતા હોય છે. શૈશવના પરિવારે લીધેલા એક સાહસિક નિર્ણયથી આજે એક ઘરનો દીવો ઓલવાતાં બચી ગયો અને એક બહેનને તેનો ભાઈ પાછો મળ્યો.

આ કિસ્સો આપણને સૌને શીખવે છે કે રક્ષણની ભાવના માત્ર એક જન્મના લોહીના સંબંધો પૂરતી સીમિત નથી હોતી. 'અંગદાન એ જ મહાદાન'ના સંદેશને સાર્થક કરતી આ પ્રેરણાદાયી વાર્તાને વધુમાં વધુ શેર કરો, જેથી સમાજમાં અંગદાન પ્રત્યે રહેલી ભ્રમણાઓ દૂર થાય અને વધુમાં વધુ લોકો આ માનવતાવાદી કાર્યમાં જોડાવા માટે પ્રેરિત થાય.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ખાખીનો ખોફ કે સત્તાવાર લૂંટ? રાજકોટના પોલીસ મથકો બન્યા 'વસૂલીના અડ્ડા' અને 'જમીન દલાલીની દુકાનો', કાયદાના રક્ષકો સામે ગંભીર આરોપોથી ખળભળાટ

કાયદા અને વ્યવસ્થાના રક્ષક ગણાતા રાજકોટ પોલીસ તંત્રના અમુક ભ્રષ્ટ તત્વો સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વર્દીની આડમાં નિર્દોષ નાગરિકોને લૂંટવાનું ખુલ્લું લાયસન્સ લઈ લીધું હોય તેવો માહોલ સર્જાયો હોવાના સનસનાટીભર્યા આક્ષેપો ઊઠ્યા છે. સંજયભાઈ ડોબરિયા અને કિશોર બાબીઆ જેવા નાગરિકો જ્યારે ન્યાયની આશાએ પોલીસ સ્ટેશને પહોંચે છે, ત્યારે તેમને ન્યાય મળવાને બદલે પોલીસના ખિસ્સા ભરવાનું સાધન બનાવી દેવામાં આવતા હોવાનો ગંભીર ઘાટ સર્જાયો છે.

### તપાસના નામે કટકી અને પ્રોપર્ટી ડીલિંગનો કાળો કારસો

રાજકોટમાં તપાસના નામે અરજીઓ ટેબલ નીચે દબાવી રાખી સામેવાળા પક્ષ સાથે સાંજ-સાંઠગાંઠ રચવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. કાયદાના રક્ષકો ખુદ 'પ્રોપર્ટી ડીલર' બની જઈને અરજદારની જ મિલકતો ત્રીજા પક્ષને પધરાવી દેતા હોવાની અને વચ્ચેથી કરોડો રૂપિયાની 'કટકી' ઓળવી જવાની મોડસ ઓપરેન્ડી સામે આવી છે. નાગરિકોનું કહેવું છે કે આ કોઈ સામાન્ય પોલીસિંગ નથી, પરંતુ ખાખીના ઓથા હેઠળ ચાલતી સત્તાવાર ગુંડાગીરી અને ખુલ્લી લૂંટ છે.

### ખાખી વર્દી પાછળ છુપાયેલી વસૂલીબાજ સિન્ડિકેટની મોડસ ઓપરેન્ડી



સમાંતર અદાલતનો ખેલ: સિવિલ મેટરમાં કાયદાકીય રીતે પોલીસને દખલ કરવાની કોઈ સત્તા ન હોવા છતાં, અરજદારોને લોકઅપનો ડર અને જેલની ધમકી આપીને બળજબરીથી સમાધાનના કાગળો પર સહીઓ કરાવી લેવામાં આવે છે.

ન્યાયના નામે સોદાબાજી: અરજી આવ્યા પછી ગુનો નોંધવાને બદલે તપાસ કરનાર અધિકારીઓ અને તેમના વચેટિયાઓ નક્કી કરે છે કે આ મામલે કેટલો 'તોડ' કરી શકાય તેમ છે.

મિલકત હડપ કરવાની તરકીબ: વિવાદ પતાવવાના બહાને પ્લોટ કે જમીન ત્રીજા પક્ષને બારોબાર વેચાવી દેવાય છે અને સોદાના કરોડો રૂપિયામાંથી સિંહભાગ આ ભ્રષ્ટ તત્વો પોતાના ગજવામાં સેરવી લે છે.

ધાક-ધમકી અને ખોટા કેસનો ડર: સોદાની રકમ હજમ કરી ગયા પછી જ્યારે મૂળ અરજદાર પોતાના પૈસા માંગવા જાય, ત્યારે તેને ખોટા કેસમાં ફિટ કરી દેવાની કે 'પાસા' હેઠળ જેલમાં ધકેલવાની ધમકીઓ આપી મોઢું બંધ કરાવી દેવાય છે.

### પ્રજાના રક્ષક કે જમીન માફિયાઓના ભાગીદાર?

રાજકોટમાં ભૂતકાળમાં કમિશનકાંડ અને હવાલાકાંડ ગાજ્યા હોવા છતાં, આ ભ્રષ્ટ સિન્ડિકેટનું નેટવર્ક એટલું મજબૂત છે કે કેટલાક અધિકારીઓ બેખોફ બનીને કરોડોનો વહીવટ ખુલ્લેઆમ કરી રહ્યા છે. સામાન્ય અને મધ્યમવર્ગનો માણસ પોતાની આખી જિંદગીની મૂડી ખોઈ બેસે છે અને વર્દીધારી લૂંટારાઓ એ જ કાળી કમાણીથી પોતાના મહેલો ચણે છે. જો ફરિયાદ લઈને ગયેલો માણસ જ લૂંટાઈ જતો હોય, તો સામાન્ય નાગરિકે કાયદા અને ન્યાય માટે જવું ક્યાં?

### તંત્રના ઉચ્ચ અધિકારીઓ સામે સવાલોના વંટોળ

ભ્રષ્ટાચારના આ ખેલમાં તોડબાજીની રકમ પદ અને કદ પ્રમાણે ઉપર સુધી પહોંચતી હોવાના ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઉચ્ચ અધિકારીઓની સીધી સંડોવણી ન હોય તો પણ તેમની બેદરકારી અને નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠી રહ્યા છે. કાયદાના જાગરૂકો માંગ કરી રહ્યા છે કે જ્યાં સુધી આવા વસૂલીબાજ અધિકારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB), સીઆઈડી ક્રાઈમ કે હાઈકોર્ટના મોનિટરિંગ હેઠળ કડક ગુના નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવામાં નહીં આવે, ત્યાં સુધી જનતા ખાખીના આ અત્યાચારનો ભોગ બનતી રહેશે.

# નથી દેશ ખતરામાં, નથી હિન્દુ ખતરામાં: જાગી જા એ યુવાન, આજે તારી રોજી-રોટી અને રોજગારી ખતરામાં છે!

### દાર્શનિક અને ભાવનાત્મક મુદ્દાઓના ઓથા હેઠળ યુવાનોના ભવિષ્ય સામે ખેલાતો કાળો ખેલ

આજે દેશનો યુવા વર્ગ જ્યારે પોતાના અને પોતાના પરિવારના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે હાથમાં ઉચ્ચ ડિગ્રીઓ લઈને દર-દરના ધક્કા ખાઈ રહ્યો છે, ત્યારે તેને મૂળભૂત અને જીવનજરૂરી મુદ્દાઓથી ભટકાવવા માટે રોજ નવા-નવા ધાર્મિક કે વિવાદાસ્પદ મુદ્દાઓ પીરસવામાં આવી રહ્યા છે. પરંતુ હવે દેશના અને ખાસ કરીને ગુજરાતના યુવાને પોતાની ઘોર નિંદ્રામાંથી જાગવાનો સમય આવી ગયો છે. વાસ્તવિકતા અને સત્ય એ છે કે દેશ કે કોઈ ધર્મ ખતરામાં નથી, પરંતુ શિક્ષિત યુવાનોનું ભવિષ્ય, તેમના સ્વપ્નો અને તેમની રોજગારી ખતરામાં મૂકાઈ ગયા છે.

દાર્શનિક અને રાજકીય મુદ્દાઓની આડમાં બેરોજગારીની કડવી વાસ્તવિકતા

ચૂંટણીઓ આવે એટલે દેશમાં ધર્મ, જાતિ અને રાજકીય નફરતના વંટોળ ઊભા કરી દેવામાં આવે છે જેથી મુખ્ય સવાલો પર પડદો પાડી શકાય. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે આજે યુવાન આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે. કોઈ એ સવાલ નથી પૂછતું કે:

* પેપર લીકની સિન્ડિકેટ: દિવસ-રાત એક કરીને, પોતાના સુખ-ચેન છોડીને સરકારી નોકરી માટે તૈયારી કરતા લાખો ઉમેદવારોની મહેનત પર પાણી ફેરવી દેતા પેપર લીક કૌભાંડો કેમ અટકતા નથી?

* ડિગ્રીઓનું અપમાન: એન્જિનિયરિંગ, ગ્રેજ્યુએશન કે માસ્ટર્સની ઉચ્ચ ડિગ્રીઓ મેળવ્યા પછી પણ યુવાનોને ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦ની નજીવી પ્રાઈવેટ નોકરીઓ કરવા માટે કેમ મજબૂર થવું પડે છે?

* શોષણની નીતિ: કાયમી નોકરીઓ આપવાને બદલે કોન્ટ્રાક્ટ પદ્ધતિ, આઉટસોર્સિંગ અને ફિક્સ પેના નામે યુવાનોની યુવાની અને મહેનતનું શોષણ ક્યાં સુધી ચાલશે?

ભાવનાત્મક મુદ્દાઓથી ભટકી રહેલી યુવા પેઢી

આજે સોશિયલ મીડિયાના યુગમાં યુવાનોની માનસિકતાને એવી દિશામાં વાળી દેવામાં આવી છે જેનો તેમના વાસ્તવિક જીવન, ઘરના ચુલા કે ભવિષ્ય સાથે કોઈ સીધો લેવાદેવા નથી. યુવા વર્ગે આંકડાકીય અને વ્યાવહારિક દ્રષ્ટિએ સમજવું પડશે કે માત્ર ભાવનાત્મક નારાઓ કે સોશિયલ મીડિયાની વોરથી ઘરના સભ્યોના પેટ નથી ભરાતા, કે નથી લાઈટબિલ અને ગેસના બાટલાના પૈસા ભરાતા. માતા-પિતાએ પોતાના પેટ કાપીને, લાખો રૂપિયાનું કરજ કરીને કે કાળી મજૂરી કરીને આપેલા શિક્ષણનો હિસાબ ત્યારે જ સાર્થક થશે જ્યારે હાથમાં એક સન્માનજનક અને સુરક્ષિત રોજગારી હશે.

યુવા પેઢી સામેના મુખ્ય પડકારો અને વાસ્તવિકતા

| ક્ષેત્ર | સરકારી દાવાઓ / પીરસવામાં આવતા મુદ્દા | કડવી ધાતળ વાસ્તવિકતા |

| શિક્ષણ અને રોજગાર | 'વિશ્વગુરુ અને આત્મનિર્ભર ભારત' | ડિગ્રી ધારકોને યોગ્ય વેતન કે નોકરીની તકોનો અભાવ |

| ભરતી પ્રક્રિયા | 'પારદર્શી અને ઝડપી સેટઅપ' | વારંવાર પેપર લીક, પરીક્ષાઓ રદ અને વર્ષો સુધી કોર્ટ મેટર |

| નોકરીનું સ્વરૂપ | 'રોજગારીના લાખો અવસર' | કાયમી ધોરણે નોકરી આપવાના બદલે ફિક્સ પે અને કોન્ટ્રાક્ટ પ્રથા |

| સામાજિક ધ્યાન | 'ધર્મ અને અસ્તિત્વની લડાઈ' | મૂળભૂત જરૂરિયાતો (રોટી, કપડાં, મકાન, સ્વાસ્થ્ય) થી ધ્યાન ભટકાવવું |

યુવા શક્તિ જાગે અને પોતાના હક માટે અવાજ ઉઠાવે

જો દેશનો યુવાન આજે પણ મૌન રહેશે અને સત્તાધીશો કે રાજકીય પક્ષોના વિવાદાસ્પદ એજન્ડાની જાળમાં ફસાયેલો રહેશે, તો આવનારી પેઢી તેને ક્યારેય માફ નહીં કરે. હવે સમય આવી ગયો છે કે યુવાન પોતાની ઊંઘમાંથી બેઠો થાય અને કાયદાકીય તેમજ લોકશાહીના દાયરામાં રહીને કાન ખુલે તેવા સવાલો પૂછે:

* 'અમારી કાળી મજૂરી અને સખત મહેનતનું યોગ્ય ફળ ક્યારે મળશે?'

* 'નવા ઉદ્યોગો સ્થાપીને સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો ક્યારે ઊભી કરાશે?'

* 'પેપર લીક કરનારી અને ભવિષ્ય રગદોળનારી ભૂમાફિયા સિન્ડિકેટ સામે ક્યારે આકરી કાયદાકીય કાર્યવાહી થશે?'

પાક્કો ગુજરાત ન્યૂઝ દેશના તમામ યુવાનોને આહ્વાન કરે છે કે પોતાની શક્તિ અને સામર્થ્યને ઓળખો. દેશ, રાજ્ય અને સમાજ ત્યારે જ ખરેખર મજબૂત અને સમૃદ્ધ બનશે જ્યારે તેનો યુવાન આત્મનિર્ભર, યોગ્ય રીતે શિક્ષિત અને રોજગારયુક્ત હશે. પોતાના રોજગારીના હક માટે અવાજ ઉઠાવો, કારણ કે આજે તમારું ભવિષ્ય અને આવનારી પેઢીનું વજૂદ દાવ પર લાગેલું છે!

## બ્રિટનના સૌથી મોટા એરપોર્ટ ગ્રુપ પર સાયબર હુમલો

માન્ચેસ્ટર એરપોર્ટ્સ ગ્રુપ (MAG) - જે માન્ચેસ્ટર, લંડન સ્ટેન્સટેડ અને ઈસ્ટ મિડલેન્ડ્સ એરપોર્ટ્સનું સંચાલન કરે છે - તેને નિશાન બનાવીને કરવામાં આવેલા સાયબર હુમલામાં આશરે 8.7 મિલિયન (87 લાખ) મુસાફરોના અંગત ડેટા જાહેર થઈ ગયા છે. આ ત્રણેય એરપોર્ટસે મળીને છેલ્લા એક વર્ષમાં 54 મિલિયન (5.4 કરોડ) મુસાફરોનું સંચાલન કર્યું હતું. 'ધ ગાર્ડિયન'ના એક રિપોર્ટ અનુસાર, આ સાયબર હુમલામાં પાર્કિંગ રેઝર્વેશન, પ્રીમિયમ લાઉન્જ એક્સેસ, ફાસ્ટ-ટ્રેક સિક્યોરિટી પાસ અને ટર્મિનલ Wi-Fi રજિસ્ટ્રેશન સંબંધિત રેકોર્ડ્સ સાથે સમાધાન થયું હતું. હુમલાખોરો દ્વારા મેળવવામાં આવેલી માહિતીમાં ગ્રાહકોના ઈમેઈલ એડ્રેસ, ટેલિફોન નંબર, પોસ્ટલ કોડ અને વાહનોના રજીસ્ટ્રેશન નંબરનો સમાવેશ થાય છે. આ ગ્રુપે પુષ્ટિ કરી હતી કે જે ડેટાબેઝ સાથે છેડછાડ થઈ છે તેમાં નાણાકીય રેકોર્ડ્સ કે બેંકિંગ વિગતો સંગ્રહિત નહોતી.

# કેળવણીનો દીવડો: નીલવડાના આદર્શ શિક્ષક સ્વ. રતિલાલભાઈ સોલંકીની જીવનયાત્રા

શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્યની ઈમારત ચણવાનું સબળ માધ્યમ છે. આ વિધાનને પોતાના જીવન અને કર્મથી સાર્થક કરનારા અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના નાના એવા નીલવડા ગામના રતન એટલે સ્વ. રતિલાલભાઈ સોલંકી. ૨૪ ફેબ્રુઆરી ૧૯૪૫ના રોજ જન્મેલા અને ૨૯ જૂન ૨૦૨૫ના રોજ ફાની દુનિયાને અલવિદા કહી ઈશ્વરના ચરણોમાં લીન થનારા આ



મહાન શિક્ષકનું જીવન આજે પણ કેળવણીના ક્ષેત્રે એક મિસાલ સમાન છે.

### સંસ્કાર અને સમર્પણનું સાદું જીવન

નીલવડા જેવા નાનકડા ગામના સીમિત સંસાધનો વચ્ચે પણ રતિલાલભાઈએ ક્યારેય પોતાના વિચારો અને આદર્શોને નાનાં થવા દીધા નહોતા. તેમના હૃદયમાં શિક્ષણ પ્રત્યે અખૂટ આદર અને સમર્પણનો ભાવ હતો. એક શ્રેષ્ઠ શિક્ષક તરીકે તેમણે શાળામાં તો અસંખ્ય વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડ્યું જ, પરંતુ પોતાના પારિવારિક જીવનમાં પણ શિક્ષણને જ સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું. તેઓ માનતા હતા કે સાચી કેળવણી એ જ છે જે મનુષ્યને સ્વાવલંબી અને સંસ્કારી બનાવે.

### શિક્ષણથી પરિવારનો સુવર્ણકાળ: ચારેય સંતાનો સરકારી સેવામાં

રતિલાલભાઈની ખરી સિદ્ધિ અને કેળવણીનો અસલી પ્રભાવ તેમના પરિવારમાં જોવા મળે છે. તેમને કુલ ચાર સંતાનો - બે દીકરીઓ અને બે દીકરાઓ હતા. પુત્ર-પુત્રીના ભેદભાવ વગર, તેમણે ચારેય સંતાનોને ઉચ્ચ સંસ્કાર અને ઉત્તમ શિક્ષણ આપ્યું. તેમની કઠોર મહેનત, માર્ગદર્શન અને સંસ્કારસિંચનનું જ એ પરિણામ હતું કે આજે તેમનાં ચારેય સંતાનો ગૌરવવંતી સરકારી નોકરીઓમાં કાર્યરત છે:

* કોઈ સંતાન કૉલેજમાં પ્રોફેસર તરીકે ઉચ્ચ શિક્ષણ આપી રહ્યું છે,

* કોઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કિશોરોનું ભવિષ્ય ઘડી રહ્યું છે, તો

* કોઈ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે બાળપણને કંડારવાનું પવિત્ર કાર્ય કરી રહ્યું છે. એક પિતા અને શિક્ષક તરીકે આનાથી મોટું ગૌરવ બીજું શું હોઈ શકે? તેમણે કેળવણીના હથિયારથી આખા પરિવારને આર્થિક અને સામાજિક સુખ-સમૃદ્ધિ અપાવી. સમાજમાં એક આદર્શ દાખલો બેસાડ્યો કે જો સાચી દિશામાં શિક્ષણ આપવામાં આવે, તો પેઢીઓ તરી જાય છે. અમર વારસો અને શ્રદ્ધાંજલિ ૨૯ જૂન ૨૦૨૫ના રોજ તેઓ આપણી વચ્ચેથી વિદાય પામ્યા, પરંતુ તેમણે પ્રગટાવેલો જ્ઞાનનો દીવડો આજે પણ તેમના સંતાનો અને સમાજમાં પ્રકાશ ફેલાવી રહ્યો છે. રતિલાલભાઈ ભૌતિક રીતે આજે ભલે આપણી વચ્ચે નથી, પરંતુ તેમણે આપેલા સંસ્કાર, સદ્વિચારો અને શિક્ષણનો વારસો સદાકાળ અમર રહેશે. નીલવડાની આ પવિત્ર ધરતી અને આખો સમાજ આવા યુગદ્રષ્ટા, સમર્પિત અને શ્રેષ્ઠ શિક્ષકને હંમેશાં આદરપૂર્વક યાદ રાખશે. કોટિ કોટિ વંદન એ જ્ઞાનના દેવતાને!

**- રૂપેશ સોલંકી**

# સંસ્કારની વાતો અને ભાજપની બેવડી નીતિ?

### જંતર-મંતર પર વિદ્યાર્થીઓ સામે આક્રોશ, પણ મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં સમય રૈનાનું બહુમાન: દંભ સામે સવાલોના વંટોળ

રાજકારણમાં નૈતિકતા અને સંસ્કારોના માપદંડ શું માત્ર વિરોધીઓને જ ઘેરવા માટે વપરાય છે? આ સવાલ હાલ રાજકીય વર્તુળો અને સોશિયલ મીડિયા પર જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે. એક તરફ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ દર્શાવી રહેલા વિદ્યાર્થીઓના મોઢેથી નીકળેલા અસભ્ય કે વિવાદાસ્પદ શબ્દોને લઈને ભાજપના નેતાઓ અને સમર્થકો સંસ્કૃતિ, પરંપરા અને સંસ્કારોના નામે જ્ઞાન વહેંચી રહ્યા છે, તો બીજી તરફ ભાજપના જ શાસનમાં તેનાથી વિપરીત ચિત્ર સામે આવતાં બેવડા માપદંડોનો મુદ્દો ગરમાયો છે. સમય રૈનાના સન્માનથી વિવાદનો પારો ઊંચકાયો મહારાષ્ટ્રમાં રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ખાસ ઉપસ્થિતિમાં યોજાયેલા એક જાહેર કાર્યક્રમમાં ચર્ચાસ્પદ સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાને આમંત્રિત કરી તેનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમય રૈના તેના બોલ્ડ, ગાળાગાળી ધરાવતા અને વિવાદાસ્પદ કન્ટેન્ટ માટે અગાઉથી જ ચર્ચામાં રહેલો કલાકાર છે. ભૂતકાળમાં તેના એક શોની અસભ્ય ભાષાને પગલે મુંબઈ પોલીસ અને મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા તપાસ પણ કરવામાં આવી ચૂકી છે. તેમ છતાં ભાજપના નેતાઓની હાજરીમાં તેને સન્માનિત કરાતાં સવાલો ઊભા થયા છે કે અસભ્ય ભાષા સામે સંસ્કૃતિના રક્ષકોનો આક્રોશ માત્ર વિદ્યાર્થીઓ કે વિરોધીઓ પૂરતો જ સીમિત છે? વિરોધી માટે નિયમ અને પોતાના માટે છૂટ? આ આખી ઘટના બાદ લોકોમાં ભારે વિરોધનો સૂર ઊઠ્યો છે કે, જો અસભ્ય કે મર્યાદા બહારની ભાષા ખોટી હોય તો તે તમામ માટે ખોટી જ હોવી જોઈએ–પછી તે વિરોધ કરતા વિદ્યાર્થીઓ હોય કે સત્તાધારી પક્ષના મંચ પર હાજર કોઈ કોમેડિયન. જો અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે કલાકારોની ભાષાને સ્વીકારવામાં આવતી હોય, તો એ જ સ્વતંત્રતા કે સહિષ્ણુતા વિદ્યાર્થીઓ કે અન્ય નાગરિકો માટે કેમ નહીં? ભાજપની આ નીતિ 'વિરોધીઓ માટે સંસ્કારના પાઠ અને પોતાના મંચ પર સન્માન' જેવી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. સમય રૈનાનો મંચ પરથી જ સાયબર સેલ પર કટાક્ષ સન્માન મેળવતી વખતે સમય રૈનાએ પણ પોતાના જૂના અંદાજમાં મહારાષ્ટ્ર સાયબર સેલ પર કટાક્ષ કરવાનો તક છોડી નહોતી. તેણે મંચ પરથી બોલતાં કહ્યું હતું કે, 'મહારાષ્ટ્ર સાયબર અને મારો સંબંધ ઘણો જૂનો છે.




### MBBSની વિદ્યાર્થિનીની હેરાન કરતાં યુવકને મેથીપાક ચખાડ્યાની શંકા

# સુરત સ્મીમેર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓ વચ્ચે ધીંગાણું : સંચાલકોએ માફીપત્ર લખાવીને જવા દીધા

### આ હાઈવોલ્ટેજ ડ્રામા અને ધમાસાણના દ્રશ્યો કેમ્પસમાં હાજર અન્ય લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લેતાં વીડિયો ઝડપથી વાયરલ થયો



**સુરત**

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. કોલેજની હોસ્ટેલ પરિસર બહાર MBBSના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી જૂથ અથડામણ અને ઉગ્ર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિક્ષણ અને તબીબી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટના આશરે 15 દિવસ જૂની હોવાનું સામે આવ્યું છે, જેમાં ભવિષ્યના તબીબો જ શિસ્તના લીરેલીરા ઉડાડી જાહેરમાં એકબીજા પર હાથ ઉપાડતા કેમેરામાં કેદ થયા હતા. આશંકા પ્રમાણે, સ્મીમેર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી એક MBBS વિદ્યાર્થિનીને અન્ય બેચનો એક યુવક છેલ્લા કેટલાક સમયથી હેરાન-પરેશાન કરતો હતો. વિદ્યાર્થિનીની સતત થઈ રહેલી કનડગત અંગે તેના સાથી વિદ્યાર્થીઓને જાણ થતાં તેઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. બેચમેટ્સે એકત્ર થઈને યુવકનો હિસાબ ચુકવવાનું નક્કી કર્યું હતું. હોસ્ટેલ કેમ્પસ બહાર બંને જૂથ આમને-સામને આવી જતાં મામલો બિચક્યો હતો. વિદ્યાર્થિનીના બેચમેટ્સે પજવણી કરનાર યુવકને ઘેરી લઈ શરૂઆતમાં ઉગ્ર બોલાચાલી કરી હતી, જે જોતજોતામાં હિંસક મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ યુવકને જાહેરમાં જ મેથીપાક ચખાડ્યો હતો. આ હાઈવોલ્ટેજ ડ્રામા અને ધમાસાણના દ્રશ્યો કેમ્પસમાં હાજર અન્ય લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લેતાં વીડિયો ઝડપથી વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થયા બાદ કોલેજ તંત્ર હરકતમાં આવ્યું હતું. સમગ્ર મામલે સ્મીમેર મેડિકલ કોલેજના ડીન ડૉ. દીપક હોવલેએ જણાવ્યું હતું કે, મારામારીનો વીડિયો ધ્યાને આવતાં જ કોલેજ પ્રશાસન દ્વારા તાત્કાલિક એક ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટી દ્વારા હાથ ધરાયેલી આંતરિક તપાસમાં વિદ્યાર્થીઓ વચ્ચે સામાન્ય બાબતમાં ઉગ્ર બોલાચાલી બાદ ઝઘડો થયો હોવાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું.

'કોલેજ પ્રશાસને શિસ્તભંગના આ ગંભીર મામલાને થાળે પાડવા માટે કડક વલણ અપનાવ્યું હતું.

તપાસ કમિટીના અહેવાલ બાદ મારામારીમાં સંડોવાયેલા તમામ વિદ્યાર્થીઓને બોલાવી લેખિતમાં માફીપત્ર લખાવી લેવામાં આવ્યું હતું. આ સાથે જ કોલેજ કેમ્પસમાં ભવિષ્યમાં આવી કોઈપણ અશોભનીય કે ગેરશિસ્તભરી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ વિદ્યાર્થીઓને આકરી સજાની કડક ચેતવણી પણ આપવામાં આવી છે.'

# શિનોરના નાના હબીપુરામાં મગરનો આતંક : વન વિભાગે પાંજરે પૂર્યો

### રહેણાંક વિસ્તારમાં વારંવાર દેખાતા મગરથી લોકોમાં ફફડાટ; તલાવડીમાં પણ દેખાતો અને કુતરાનો કરતો શિકાર

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર તાલુકાના નાના હબીપુરા ગામે મગરની બુમ ઉઠતાં વન વિભાગે પાંજરું મૂક્યું હતું.જેમાં આજે મગરને ટીમ દ્વારા પિંજરામાં પૂરવાની સફળતા મળી હતી.

શિનોર તાલુકાના નાના હબીપુરા ગામે કોલોની રહેણાંક વિસ્તાર માં મગર આવતો હતો,અને તલાવડી માં દેખાતો હતો.અને કુતરા નો શિકાર કરતો હતો. જેથી આ કોલોની ના રહેણાંક વિસ્તારના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો.



શિનોર વન વિભાગ ને જાણ કરાતાં વનવિભાગે વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ના ભરતભાઈ મોરે ની ટીમ ને સાથે રાખી મગર ને પકડવા કોલોની નજીક ચાર દિવસથી પાંજરૂ મૂક્યું હતું. અને આજે તારીખ 28 ઓગસ્ટ વહેલી સવારે શિનોરના વનવિભાગ ના RFO ચિરાગ માછી સહિત તેઓ ની ટીમ તથા , વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ના વોલિએન્ટર ભરતભાઈ મોરે અને તેઓની ટીમ ને આ મગર પાંજરે પુરાવામાં સફળતા મળી. આશરે પાંચ ફૂટના પિંજરે પુરાયેલા આ મગરને જોવા માટે ગ્રામજનો ઉમટી પડ્યા હતા. અને મગર પાંજરે પુરાતો નાના હબીપુરા ગામની કોલોની વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના વોલિએન્ટર ભરતભાઈ મોરે તથા ટીમ દ્વારા આ મગરને વન વિભાગને સુપ્રત કરાયો હતો, અને વન વિભાગ દ્વારા આ મગરને નર્મદા નદીમાં છોડી દેવામાં આવેલ છે.

શિનોર તાલુકામાં આવા કોઈપણ પ્રસંગોમાં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ના ભરત મોરે તથા તેમની ટીમ તેઓને ખબર મળતાં તુરત સેવામાં હાજર રહે છે. તેઓને જોઈને અવાખલ ના સ્વ.અશોક પટેલ જેવો તેમની ટીમમાં સદાય એકટીવ હતા, તેમની યાદ આવે છે.

# પાળીયાદ-રાણપુર-ધંધુકા હાઈવે ફરી એકવાર ગોઝારો બન્યો

### રાણપુર તાલુકાના નાગનેશ ગામ પાસે મોડીરાત્રે આઇસર અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં 1 યુવાનનું મોત : અકસ્માતને પગલે લોકોના ટોળા ઘટના એકઠા થયા,108 એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો દોડી આવ્યો

**રાણપુર, વિપુલ લુહાર**

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાગનેસ ગામ પાસે હાઈવે પર ગુરુવારના મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં ફોરવ્હીલ કાર અને આઈસર ટ્રક સામ-સામે અથડાતા બોટાદની વોરાવાડ માં રહેતા આસિફ નામના યુવાન નું મોત નીપજ્યું હતુ અને ત્રણ લોકોને ઈજા થવા પામી છે જેમાં એક ને ગંભીર હાલત જણાતા વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવેલ છે.



બનાવની મળતી મુજબ ગુરુવારના મોડી રાત્રે રાણપુર-ધંધુકા હાઈવે પર નાગનેશ ગામ નજીક ફોરવ્હીલર કાર અને આઈસર ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.બોટાદના આસિફભાઈ રહીમભાઈ માંકડ અને તેમના અન્ય ત્રણ પરિવારના સભ્યો નાગનેશ ગામ નજીક સામે થી આવતી આયસર ટ્રક સામસામે ધડાકા ભેર અથડાઈ હતી. જેમાં કારના આગળ નો ભાગ નો કચ્ચર ખાણ વળી ગયો હતો. બનાવ ના પગલે ત્યાંતી પસાર થતા લોકો દોડી આવ્યા હતા. અને 108 ને જાણ કરતા સ્થાનિક પોલીસ અને 108 દોડી આવી ઈજાગ્રસ્તને મહામુસીબતે કારમાંથી બહાર કાઢી બોટાદની સબીહા હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ કરવા માં આવ્યા હતા.જ્યા આસિફભાઈ રહીમભાઈ માંકડનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.જ્યારે આસિફભાઈ ના પુત્ર ની હાલત ગંભીર હોય તેઓને વધુ સારવાર માટે ભાવનગર રીફર કરવામાં આવ્યા હતા.જ્યારે બે વ્યક્તિ સબીહા હોસ્પિટલ માં સારવાર હેઠળ છે. સ્થાનિક પોલીસ ઘટના સ્થળની તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં SOGનો ઘાતક ધમાકો: કુવાડવા રોડ પરના લાતી પ્લોટમાં બોગસ તમાકુ બનાવતી ફેક્ટરી પકડાઇ

**રાજકોટ**

રાજકોટ શહેરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખેલ ખેલતા અને જાણીતી બ્રાન્ડના નામે નકલી માલ પધરાવતા ભેળસેળિયાઓ સામે રાજકોટ એસઓજી (Special Operations Group) ની ટીમે લાલ આંખ કરી છે. કુવાડવા રોડ પર આવેલા લાતી પ્લોટ વિસ્તારમાં દરોડા પાડીને એસઓજીની ટીમે ડુપ્લિકેટ તમાકુ બનાવવાનું મોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. બજારમાં ઓરિજિનલ બ્રાન્ડના નામે બનાવટી અને ઝેરી તમાકુ વહેતી કરવાના આ કાળી કમાણીના કારસાનો પર્દાફાશ થતાં જ રાજકોટના વેપારી આલમ અને બૂટલેગરોમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ SOG ને ચોક્કસ બાતમી મળી હતી કે કુવાડવા રોડ પર આવેલા લાતી પ્લોટ સ્થિત 'હિરેન પરફ્યુમરી વર્ક્સ' નામની ફેક્ટરી/કારખાનામાં પરફ્યુમના નામે કંઈક અલગ જ ખેલ ચાલ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં જ ત્યાં પરફ્યુમ કે સુગંધી દ્રવ્યોને બદલે નામાંકિત કંપનીઓનો ડુપ્લિકેટ તમાકુ બનાવવાનું પ્રકરણ સામે આવ્યું હતું.

### કઠલાલના ફરાર સાગરીતને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

# સેવાલીયા નજીકથી બકરાં ચોરી કરનાર નડિયાદના બે ચાલાક ચોરો ઝડપાયા

**ખેડા**

ખેડા જિલ્લામાં અસામાજિક તત્વો અને ચોર-લુટારુઓ સામે કાયદાનો શિકંજો વધુ કડક બન્યો છે. સેવાલીયા નજીક આવેલા મહરાજના મુવાડા વિસ્તારમાંથી પશુપાલકના બકરાં ચોરી કરીને ફરાર થઈ ગયેલી શાતિર ગેંગનો નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. પશુપાલકોની ઊંઘ હરામ કરનારા બે બકરા ચોરોને પોલીસે રંગેહાથ ઝડપી પાડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે, જ્યારે આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય એક ફરાર આરોપીની શોધખોળ તેજ કરવામાં આવી છે.





પ્રાપ્ત મળતી વિગતો અનુસાર, સેવાલીયાના મહરાજના મુવાડા પંથકમાંથી મૂંગા પશુઓની ચોરી આચરનાર તત્વોને પકડવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિશેષ નેટવર્ક ગોઠવ્યું હતું. ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને નડિયાદના બે કુખ્યાત ચોરો અજય ઉર્ફે કાલુ વિઠ્ઠલભાઈ તળપદા અને રોનક સુરેશભાઈ તળપદા (બંને રહે. નડિયાદ) ની ધરપકડ કરી છે. આ બંને શખ્સો મોડી રાત્રે કે સુમસામ જગ્યાઓ પરથી પશુપાલકોના મૂલ્યવાન બકરાં ચોરી કરીને તેને બજારમાં વેચી મારવાનો કાળો કારોબાર ચલાવતા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ ચોરીના નેટવર્કમાં કઠલાલ તાલુકાના ભાનેર ગામનો વિજય અંબાલાલ તળપદા નામનો શખ્સ પણ મુખ્ય સાગરીત તરીકે સામેલ હતો.

### બ્રેઈન-ડેડ રિયાના હસ્તદાનથી નવજીવન મેળવનાર અનામતા વલસાડ પહોંચી

# રક્ષાબંધને ફરી આવી બહેનની યાદ : એક હાથથી જોડાયા બે અજાણ્યા પરિવારો

**વલસાડ**

રક્ષાબંધનના પવિત્ર પર્વે મુંબઈ અને વલસાડ વચ્ચે માનવતા, અંગદાન અને ભાઈ-બહેનના પ્રેમની અનોખી કહાની સામે આવી છે. મુંબઈની 15 વર્ષીય અનામતા આ રક્ષાબંધને ખાસ વલસાડ પહોંચી હતી. અહીં તેણે શિવમ નામના યુવકના કાંડે એ જ હાથથી રાખડી બાંધી હતી, જે ક્યારેક તેની સ્વર્ગસ્થ નાની બહેન રિયાનો હતો. લોહીના સંબંધો વિના પણ બે પરિવારો વચ્ચે જોડાયેલા આ આત્મીય સંબંધે ઉપસ્થિત સૌને ભાવુક કરી દીધા હતા.



વર્ષ 2022માં એક દુર્ઘટના દરમિયાન કરંટ લાગતાં મુંબઈની અનામતાનો જમણો હાથ ગંભીર રીતે દાઝી ગયો હતો. તબીબોના અથાક પ્રયાસો છતાં તેનો હાથ બચાવી શકાયો નહોતો. આ ઘટના બાદ અનામતાના જીવનમાં મોટો પડકાર ઊભો થયો હતો.

બીજી તરફ, સપ્ટેમ્બર 2024માં વલસાડની માત્ર 9 વર્ષની રિયા બોબી મિસ્ત્રીને અચાનક ગંભીર બ્રેઈન હેમરેજ થયું હતું. રિયા શિવમની નાની બહેન હતી. સારવાર દરમિયાન તબીબોએ રિયાને બ્રેઈન-ડેડ જાહેર કરી હતી.

રિયાના પરિવાર માટે આ સમય અત્યંત દુઃખદ હતો. જોકે, પોતાની માસૂમ દીકરીને ગુમાવવાના અસહ્ય આઘાત વચ્ચે પણ પરિવારે માનવતાનો અનોખો દાખલો આપ્યો અને રિયાના અંગોનું દાન કરવાનો સાહસિક નિર્ણય લીધો. રિયાના દાન કરાયેલા અંગોમાં આંખો, કિડની, લીવર ઉપરાંત તેનો જમણો હાથ પણ સામેલ હતો. તેના હાથને જરૂરિયાતમંદ વ્યક્તિને નવજીવન આપવા માટે દાન કરવામાં આવ્યો.

રિયાનો જમણો હાથ વિશેષ ગ્રીન કોરિડોર મારફતે વલસાડથી મુંબઈની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો હતો. ત્યારબાદ તબીબોની ટીમે અનામતાના શરીરમાં સફળતાપૂર્વક હસ્ત પ્રત્યારોપણ કર્યું હતું.

### અષાઢ માસનું પ્રતિનિધિ ધરાવતા રાહુલ રબારી વિજેતા થયા

# જેતપુરના ખીરસરા ગામે રક્ષાબંધન પર્વ નિમિત્તે હળ જીતવાની અનોખી પરંપરાગત સ્પર્ધા યોજાઈ

**રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખીરસરા ગામે રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે સાંજના સમયે વર્ષોથી ચાલી આવતી અનોખી અને પરંપરાગત હળ જીતવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના પાદરમાં યોજાયેલી સ્પર્ધાને નિહાળવા ગ્રામજનો ઉમટી પડ્યા હતા.

આ પરંપરાગત સ્પર્ધામાં વરસાદી ઋતુના ચાર મહિના અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસોના નામે ચાર બાળકોને પ્રતિનિધિત્વ આપવામાં આવે છે. ત્યારબાદ ચારેય બાળકો વચ્ચે દોડની સ્પર્ધા યોજવામાં આવે છે. જે બાળક સૌપ્રથમ નિર્ધારિત સ્થળે પહોંચે તેને વિજેતા જાહેર કરવામાં આવે છે.



આ વર્ષે અષાઢ માસનું પ્રતિનિધિત્વ કરનાર રાહુલ રબારી વિજેતા બન્યો હતો. વિજય બાદ ગ્રામજનો દ્વારા રાહુલનું મોં મીઠું કરાવી આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ગામમાં યોજાયેલી હળ જીતવાની પરંપરાગત સ્પર્ધામાં ચાર યુવાનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યુવાનોએ હળ સાથે જોડાયેલી આ રસપ્રદ સ્પર્ધામાં પોતાની તાકાત, ઝડપ અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધા દરમિયાન યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ગ્રામજનો દ્વારા તાળીઓના ગડગડાટ સાથે ખેલાડીઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

રક્ષાબંધન જેવા પવિત્ર પર્વ સાથે જોડાયેલી આ અનોખી પરંપરા ખીરસરા ગામની લોકસંસ્કૃતિ અને ગ્રામ્ય જીવનની આગવી ઓળખ સમાન છે. આધુનિક સમયના બદલાતા માહોલ વચ્ચે પણ ગામના લોકો વર્ષોથી ચાલી આવતી આ પરંપરાને જાળવી રાખી નવી પેઢીને પોતાની લોકપરંપરા સાથે જોડવાનું સુંદર કાર્ય કરી રહ્યા છે.

સ્પર્ધા દરમિયાન સમગ્ર ગામમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોમાં પણ આ અનોખી પરંપરાગત રમતને લઈને ભારે ઉત્સુકતા અને આનંદ જોવા મળ્યો હતો.

# મહિસાગરમાં ડીટવાસ પોલીસનો દારૂના કાળા કારોબાર ઉપર પ્રહાર

### રાજસ્થાનથી ક્રેટામાં ઘુસાડાતો રૂ.3.92 લાખનો વિદેશી દારૂ ઝડપાયો; કાર સહિત કુલ રૂ.9.02 લાખનો મુદ્દામાલ જપ્ત

**મહિસાગર**

મહિસાગર જિલ્લામાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી સામે ડીટવાસ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ખાનગી બાતમીના આધારે પોલીસે ગોધણ ત્રણ રસ્તા નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતી સફેદ રંગની ક્રેટા કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસને જોઈ કારચાલકે વાહન રિવર્સમાં ભગાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કારચાલકે કાબૂ ગુમાવતા ક્રેટા રોડની બાજુના ખાડામાં ઉતરી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી કારને ઘેરી લઈ ચાલકને ઝડપી પાડ્યો હતો. કારની તપાસ દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો તથા બિયર ટીન મળી કુલ 1,344 નંગ જપ્ત કરવામાં આવ્યા હતા. દારૂની કિંમત રૂ.3,92,640 આંકવામાં આવી છે. દારૂ ઉપરાંત ક્રેટા કાર અને અન્ય સામગ્રી સહિત પોલીસે કુલ રૂ.9,02,640નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# સાધલીમાં રૂ.4.20 લાખનું સામૂહિક શૌચાલય સાત મહિનામાં જ ખખડધજ

### દિવ્યાંગો માટે બનાવેલો રેમ્પ તૂટ્યો, મહિલાઓના શૌચાલયનું બારણું દોઢ-બે મહિનાથી તૂટેલું; બાંધકામની ગુણવત્તા સામે સવાલો

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર તાલુકાના મુખ્ય મથક સાધલી ગામે જાહેર શૌચાલય ઘણા સમયથી નહોતું. વારંવાર ની રજૂઆત પછી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા ના સૌજન્યથી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત 4,20,000 ના ખર્ચે સામૂહિક શૌચાલય બનાવવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ, પુરુષો તથા દિવ્યાંગ લોકો માટે બાથરૂમ, વોશબેસિન ,ઉભા બેઠા ટબ ,અને પાણીની સુવિધા હતી. જેનું લોકાર્પણ તારીખ 27 જાન્યુઆરી 2026 ના રોજ સારંગપુર -બોટાદની બસ ની સાથે સાથે મહિલા સરપંચ મનિષા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

જેને આજે સાત માસ પણ પૂરા થયા નથી ત્યાર પહેલા દિવ્યાંગો માટે બનાવેલ રેમ્પ તૂટી ગયેલ છે, અને દિવ્યાંગોથી અંદર જઈ શકાય તેમ નથી, જેથી આરબી નો ઉપયોગી બનેલ છે તેવી જ રીતના મહિલાઓ માટેના શૌચાલયમાં પ્રવેશદ્વારે મુકેલ બારણું છેલ્લા દોઢ- બે મહિનાથી તૂટી ગયેલ છે, અને બહાર ખુલ્લામાં પડી રહેલ છે.

જેથી મહિલાઓ પણ સ્ત્રી મર્યાદા ના કારણે શૌચાલયનો સાચો ઉપયોગ કરી શકતા નથી.

શૌચાલયની આજુબાજુ કેબીનો મૂકવાથી લોકોની અવર-જવર હોવાથી મહિલાઓ સંકોચ પામે છે.

સાધલી ગ્રામ પંચાયતના સત્તાધીશો વર્ષો પછી બનેલા અને સાત માસમાં જ તૂટેલા આ શૌચાલયની મરામત કરાવી દિવ્યાંગો માટે તથા મહિલાઓ માટે ફરીથી ઉપયોગી થાય તે માટે પ્રયત્નો કરે એ ખાસ જરૂરી છે.







### ચિત્રાંગદાએ તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના કેટલાક ફોટા શૅર કર્યા

# ચિત્રાંગદાના ફીટ અને કટ ફીગર પર ફેન્સ ફિદા, નવા ફોટોશુટથી ફરી આવી ચર્ચામાં

મુંબઈ

ચિત્રાંગદા સિંહ ઘણીવાર તેના લુકને કારણે હેડલાઈન્સમાં રહે છે.આ વખતે એક્ટ્રેસે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કેટલાક ખાસ ફોટા શેર કર્યા છે, જેમાં તે એકદમ સુંદર લાગી રહી છે. ફરીવાર ફેન્સને તેનો ગ્લેમર લૂક જોવા મળ્યો છે. ફેન્સ તેના આઉટફિટના વખાણ કરી રહ્યા છે. બોલીવુડ અભિનેત્રી ચિત્રાંગદા સિંહ તેના ફીગર અને નેચરલ બ્યૂટી માટે જાણીતી છે. તે સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. ચિત્રાંગદાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના કેટલાક નવીનતમ ફોટા શૅર કર્યા છે. આ ફોટામાં, તે હંમેશાની જેમ ખૂબ જ સુંદર લાગી રહી છે. ચિત્રાંગદાએ આછા લીલા રંગની પ્રી-ડ્રેપ્ડ સાડી પહેરેલી જોવા મળી રહી છે. ચોકર નેકલેસથી પોતાનો લૂક પૂરો કર્યો છે. આ સ્ટાઈલિશ લૂક સાથે, તે ઘણી બોલિવૂડ એક્ટ્રેસને જાણે સ્પર્ધા આપી રહી હોય તેવું લાગે છે.મોડેલિંગથી પોતાની કારકિર્દી શરૂ કરનાર ચિત્રાંગદા ટૂંક સમયમાં સલમાન ખાન સાથે ફિલ્મ 'માતૃભૂમિ'માં જોવા મળશે. આ ફિલ્મનું મૂળ નામ 'બેટલ ઓફ ગલવાન' હતું, પરંતુ કેટલાક વિવાદોને કારણે તેનું નામ બદલી નાખવામાં આવ્યું હતું.સલમાન ખાન અને ચિત્રાંગદા સિંહ ઉપરાંત, દિગ્દર્શક અપૂર્વ લાખિયાની ફિલ્મ 'માતૃભૂમિ'માં અંકુર ભાટિયા, અભિલાષ ચૌધરી, વિપિન ભારદ્વાજ અને જેન શો પણ જોવા મળશે. જોકે, ફિલ્મ ક્યારે રિલીઝ થશે તે અંગે હજુ સુધી કોઈ અપડેટ નથી.ચિત્રાએ 'હઝારોં ખ્વાઈશેં ઐસી' થી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. તે 'યે સાલી જિંદગી', 'દેસી બોયઝ' અને 'બાઝાર' જેવી ફિલ્મોમાં તેના દમદાર અભિનય માટે જાણીતી છે. આ અભિનેત્રી છેલ્લે 'હાઉસફુલ 5' ફિલ્મમાં જોવા મળી હતી. ઘણા લાંબા સમય બાદ એનું ફોટોશુટ સામે આવ્યું છે, ફેન્સ આ દરેક ફોટો પર દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. બ્લેગ બેગ્રાઉન્ડ સાથે યલો અને વ્હાઈલ લાઈટમાં આ ફોટોશુટમાં તે દમદાર લાગી રહી છે.બોલિવૂડમાં શરૂઆતામાં જ્યારે તે આવી એ સમયે તેણે કેટલાક આઈટમ સોંગ પણ કર્યા હતા. હવે તે લીડ એક્ટ્રેસ તરીકે સલમાન ખાન સાથે આવી રહી છે. સલમાન ખાન અને ચિત્રાની આ પહેલી ફિલ્મ હશે જે સંપૂર્ણ પણે ડિફેન્સની વાર્તા પર આધારિત હશે. ફિલ્મને લઈને તૈયારીઓ ચાલી રહી છે પણ હજુ સુધી મેકર્સ તરફથી ખાસ કોઈ ડેટ સામે આવી નથી.

**આ સ્ટાઇલિશ લૂક સાથે, તે ઘણી બોલિવૂડ એક્ટ્રેસને જાણે સ્પર્ધા આપી રહી હોય તેવું લાગે છે**

# દીયા મિર્ઝાએ શેર કર્યો 22 વર્ષ જૂનો દર્દનાક અનુભવ

## દીયા મિર્ઝાએ 2004ની ફિલ્મ 'તુમસા નહીં દેખા'ના ગીત 'મુઝે તુમસે મોહબ્બત હૈ'ના શૂટિંગનો મુશ્કેલ અનુભવ વર્ણવ્યો



મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી દીયા મિર્ઝા પોતાના બેબાક અંદાજ અને અભિનય માટે જાણીતી છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન દીયાએ પોતાની કારકિર્દીના શરૂઆતના તબક્કા અને ફિલ્મો દરમિયાન આવેલા પડકારો વિશે ખુલીને વાત કરી છે. દીયાએ વર્ષ 2004માં આવેલી ફિલ્મ 'તુમસા નહીં દેખા'ના સુપરહિટ ગીત 'મુઝે તુમસે મોહબ્બત હૈ'ના શૂટિંગ દરમિયાન થયેલા મુશ્કેલ અનુભવને શેર કર્યો હતો. સેંકડો પુરુષો સામે શૂટ કરવું સરળ નહોતું: દીયા મિર્ઝા એક વાતચીતમાં દીયા મિર્ઝાએ જણાવ્યું હતું કે, 'ગીતના શૂટિંગ દરમિયાન મારે સેટ પર હાજર સેંકડો પુરુષો સામે ખૂબ જ ઓછા કપડાં (અંડરગારમેન્ટ્સ અને બ્રા) માં પર્ફોર્મ કરવાનું હતું. એક યુવતી તરીકે આ મારા માટે અત્યાર સુધીની સૌથી મુશ્કેલ બાબતો પૈકીની એક હતી. શરૂઆતમાં આ સ્થિતિનો સામનો કરવો બિલકુલ સરળ નહોતો.' દીયાએ આગળ ઉમેર્યું કે, 'કોરિયોગ્રાફર વૈભવી મર્ચન્ટ અને સમગ્ર ટીમે મને ખૂબ સુરક્ષિત અનુભવ કરાવ્યો હતો, જેના કારણે હું આત્મવિશ્વાસ સાથે શૂટ કરી શકી. આ ગીતે મને એવી રીતે આઝાદ કરી જેની મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. હું હૈદરાબાદના એક રૂઢિચુસ્ત પરિવારમાંથી આવું છું અને શરૂઆતમાં હું મારા શરીરને લઈને બહુ કોન્ફિડન્ટ નહોતી, પરંતુ આ ફિલ્મે અને ખાસ કરીને આ ગીતે મને મારા શરીર પ્રત્યે સંપૂર્ણ બોડી કોન્ફિડન્સ આપ્યો.' 'તે સમય સુધીમાં હું સમજી ચૂકી હતી કે એક કલાકાર તરીકે પોતાના પાત્રની સચ્ચાઈ અને તેની લાગણીઓને સમજવી સૌથી મહત્ત્વપૂર્ણ છે. ત્યારબાદ રૂમમાં 500 લોકો હોય કે 1,000 લોકો, તેનાથી કોઈ ફરક પડતો નહોતો.

# બીજા દીવસે યશની 'ટોક્સિક'નો ધબડકો, હિંદી છોડો કન્નડમાં પણ ખરાબ હાલત

## કન્ટેન્ટને લઇને દર્શકોના નેગેટિવ રિએક્શનના કારણે બીજા દિવસે જ કમાણીનો ગ્રાફ ઝડપથી નીચે આવી ગયો

મુંબઈ

કન્નડ સુપરસ્ટાર યશની ફિલ્મ 'Toxic' એ ભલે બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને શાનદાર શરૂઆત કરી હોય પરંતુ રિલીઝના બીજા દિવસે જ ફિલ્મને મોટો ઝટકો લાગ્યો છે. પહેલા દિવસના ઐતિહાસિક આંકડા બાદ ફિલ્મમના કલેક્શનમાં ભારે ઘટાડો આવ્યો છે. જેણે મેકર્સની ચિંતા વધારી દીધી છે. યશના સ્ટારડમના દમ પર ફિલ્મે ઓપનિંગ ડે પર તો રેકોર્ડતોડ કમાણ કરી પરંતુ કન્ટેન્ટને લઇને દર્શકોના નેગેટિવ રિએક્શનના કારણે બીજા દિવસે જ કમાણીનો ગ્રાફ ઝડપથી નીચે આવી ગયો. સૈકનિલ્કના અનુસાર, 'Toxic'એ ભારતમાં પોતાના પહેલા દિવસે જ 24,579 શોની સાથે 101.10 કરોડનું નેટ કલેક્શન કર્યું .જો દેશમાં ગ્રોસ કલેક્શનની વાત કરીએ તો આ આંકડો 120.75 કરોડ સુધી પહોંચી ગયો. તો દુનિયા ભરના સિનેમાઘરોમાં ફિલ્મે પહેલા દિવસે જ અંદાજે 150 કરોડનું શાનદાર ગ્રોસ કલેક્શન કર્યું . જો કે, આ ડ્રીમ ઓપનિંગ બાદ બોક્સ ઓફિસનું સંપૂર્ણ સમીકરણ બદલાઈ ગયું. પહેલા દિવસે 100 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરનાર આ ફિલ્મને બીજા દિવસે દર્શકોની ઉદાસીનતાનો સામનો કરવો પડ્યો. ફિલ્મે બીજા દિવસે માત્ર 36.40 કરોડનું નેટ કલેક્શન કર્યું, જે પહેલા દિવસની 101.10 કરોડની કમાણી સામે સીધું 64% ઓછું છે. કમાણીમાં આટલો મોટો ઘટાડો કોઈપણ મોટા Superstar (સુપરસ્ટાર) ની ફિલ્મ માટે અત્યંત ચિંતાજનક માનવામાં આવે છે. મૂળરૂપે કન્નડ અને અંગ્રેજીમાં શૂટ થયેલી આ ફિલ્મને યશના પોતાના ગઢ એટલે કે કર્ણાટકમાં પણ અપેક્ષિત પ્રેમ નથી મળ્યો. બીજા દિવસે કન્નડ ભાષામાં ફિલ્મનું પ્રદર્શન ખુદ યશની અગાઉની બ્લોકબસ્ટર ફિલ્મ 'KGF Chapter 2' કરતા ઘણું પાછળ રહી ગયું. જ્યાં 'Toxic' એ બીજા દિવસે કન્નડમાં માત્ર 8.50 કરોડની કમાણી કરી, ત્યાં 'KGF 2' એ તેના બીજા દિવસે 16.80 કરોડની જોરદાર કમાણી કરી હતી.





# શ્વેતા તિવારીને સોશિયલ મીડિયા પર અપશબ્દો કહેનારો ઝડપાયો

## અભિનેત્રીએ હવે સ્પષ્ટતા કરી છે કે, જે લોકોએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો તેઓનો રાજ ઠાકરેની પાર્ટી સાથે કોઈ સંબંધ નહોતો


મુંબઈ

શ્વેતા તિવારીએ સોશિયલ મીડિયા પર પોતાના પર અભદ્ર કોમન્ટ કરનારા સામે અવાજ ઊઠાવ્યો હતો. આ માટે તેણે સોશિયલ મીડિયા પર કેટલાક મેસેજના સ્ક્રિનશોટ પણ પોસ્ટ કર્યા હતા. જેમાં એની સાથે વાંધાજનક અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શ્વેતાએ આ લોકોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ શૅર કર્યા હતા. મામલો એ સમયે ગરમાયો જ્યારે શ્વેતાએ સવાલ કર્યો કે, શું મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેના સમર્થક હોવાનો દાવો કરનારા લોકો મહિલાઓ સાથે આ રીતે વર્તન કરે છે તે યોગ્ય છે? અભિનેત્રીએ હવે સ્પષ્ટતા કરી છે કે, જે લોકોએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો તેઓનો રાજ ઠાકરેની પાર્ટી સાથે કોઈ સંબંધ નહોતો. શ્વેતાએ જણાવ્યું હતું કે, ફરિયાદ ફક્ત સોશિયલ મીડિયા સુધી મર્યાદિત રહી નહીં. તેમની પોસ્ટ જોયા પછી, MNS સભ્ય સ્નેહલ આદારકરે તેમનો સંપર્ક કર્યો અને સમગ્ર મામલા અંગે સ્પષ્ટતા કરી.શ્વેતાના જણાવ્યા મુજબ, સ્નેહલે સ્પષ્ટપણે કહ્યું કે MNS મહિલાઓ પ્રત્યે આવી ભાષા અને વર્તનને સમર્થન કે સમર્થન આપતી નથી. જે વ્યક્તિઓએ શ્વેતા સાથે દુર્વ્યવહાર કર્યો છે તેઓ પાર્ટીના સભ્ય નથી. શ્વેતાએ સ્નેહલનો આભાર માન્યો અને નોંધ્યું કે તેઓએ વારંવાર યાદ અપાવ્યા વિના આ બાબતને ગંભીરતાથી લીધી. આરોપી વ્યક્તિને શોધવાનો પ્રયાસ કર્યો છે. શ્વેતા ઉમેર્યું કે, શ્વેતાએ મારો સામેથી સંપર્ક કર્યો હતો. થોડા દિવસો પહેલા, મેં એવી વાર્તાઓ શેર કરી હતી જેમાં પુરુષો કોઈ કારણ વગર સારી યુવતી કે મહિલાઓ પ્રત્યે ખૂબ જ અભદ્ર અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરતા દર્શાવવામાં આવ્યા હતા. મેં તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પણ શેર કર્યા કારણ કે હું ખરેખર માનું છું કે જે લોકો આવા વર્તનમાં સામેલ છે તેમને એવું વિચારવાની મંજૂરી ન આપવી જોઈએ. તેઓ સરળતાથી તેનાથી છટકી શકે છે.

# પ્રેમ કીટાણુના 'કહો તો'માં પ્રેમની સુંદર ધૂન, અરમાન મલિકના અવાજે જીત્યું દિલ

મુંબઈ

અરમાન મલિકના અવાજમાં ગાયેલું 'કહો તો' હવે ઝી મ્યુઝિક કંપનીની યુટ્યુબ ચેનલ અને તમામ મ્યુઝિક પ્લેટફોર્મ્સ પર રિલીઝ થઈ ગયું છે. પ્રેમના અહેસાસથી ભરપૂર આ ગીત આધુનિક વાદ્યો અને સૂફીયાના કવ્વાલીનું સુંદર મિશ્રણ છે. ગીત પ્રેમમાં પડવાની, કોઈને ચાહવાની અને એ સંબંધમાં આગળ વધવાની લાગણીઓને ખૂબ જ સુંદર રીતે રજૂ કરે છે. 'પ્રેમ કીટાણુ' પોતાની યુવા કહાની, મિત્રતા અને પ્રેમના રસપ્રદ મિશ્રણને કારણે પહેલેથી જ દર્શકોનું ધ્યાન ખેંચી રહી છે. આ જ સિલસિલાને આગળ વધારતા ગૌરવ વર્માની અવનિકા ફિલ્મ્સે ફિલ્મનું બીજું ગીત 'કહો તો' રજૂ કર્યું છે. અરમાન મલિકના મધુર અવાજથી સજેલું આ ગીત તેના સંગીત અને લાગણીઓના સુંદર સમન્વયને કારણે ખાસ બની જાય છે. વીર પહાડિયા અને આફિયા સૈયદ પર ફિલ્માવવામાં આવેલું 'કહો તો' પ્રેમની એવી લાગણીઓને વ્યક્ત કરે છે, જેને દરેક વ્યક્તિ અનુભવે છે, પરંતુ શબ્દોમાં વ્યક્ત કરવી હંમેશા સરળ હોતી નથી. કોઈની નજીક આવવાની ઈચ્છા, પ્રેમમાં પડવાની ખુશી, રાહ જોવી અને તેને મેળવવાની આશા–ગીત આ તમામ લાગણીઓને પોતાની આગવી શૈલીમાં રજૂ કરે છે. ગીતના શબ્દો સચિન ઉર્મતોશે લખ્યા છે, જ્યારે સંગીત અંકુર આર. પાઠકે આપ્યું છે. ગીતમાં સામેલ કવ્વાલીના ભાગને અલ્તમશ ફરીદીએ પોતાનો અવાજ આપ્યો છે. અરમાન મલિક કહે છે, "'કહો તો' સંપૂર્ણપણે એક બોલિવૂડ પ્રેમ ગીત છે. આવા ગીતો ગાવા મને હંમેશા ખુશી આપે છે, કારણ કે તે મને એ સમયની યાદ અપાવે છે, જ્યારે મોટા અને સુંદર પ્રેમ ગીતો બોલિવૂડ ફિલ્મોનો મહત્વપૂર્ણ હિસ્સો હતા. મને ખુશી છે કે આ ગીત સાથે મને ફરી એકવાર મારા જૂના રોમેન્ટિક અંદાજમાં પાછા ફરવાની તક મળી." તેઓ આગળ કહે છે, "અંકુર સાથે આ મારું પહેલું કામ છે અને મને તેમનું તૈયાર કરેલું સંગીત ખૂબ જ પસંદ આવ્યું. જૂના બોલિવૂડ પ્રેમ ગીતોની સુંદરતા સાથે કવ્વાલીનું મિશ્રણ 'કહો તો'ને એક અલગ ઓળખ આપે છે.



## સ્પોર્ટ્સ

પાક્કો ગુજરાત
શનિવાર | 29 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### કારુઆનાને 15-13 થી હરાવ્યા, ₹1.91 કરોડની ઇનામી રકમ મળી

# આર પ્રજ્ઞાનંદ ગ્રાન્ડ ચેસ ટૂર જીતનાર પ્રથમ ભારતીય

વોશિંગ્ટન

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદાએ 2026 ગ્રાન્ડ ચેસ ટૂર (GCT)નું ટાઇટલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે GCTનો ખિતાબ જીતનારા પ્રથમ ભારતીય બન્યો છે. સેન્ટ લુઈસમાં રમાયેલી ફાઈનલમાં પ્રજ્ઞાનંદાએ અમેરિકાના ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆનાને 15-13થી હરાવ્યો. આ જીત સાથે પ્રજ્ઞાનંદાએ 2 લાખ ડોલર (લગભગ 1.91 કરોડ)ની પ્રાઈઝ મની પોતાના નામે કરી. 6 પોઈન્ટ પાછળ રહ્યા બાદ પ્રજ્ઞાનંદાએ કમબેક કર્યું ફાઈનલ મુકાબલાના છેલ્લા દિવસની શરૂઆતમાં પ્રજ્ઞાનંદા કારુઆનાથી 6 પોઈન્ટ પાછળ ચાલી રહ્યો હતો. જોકે, તેણે દિવસની શરૂઆતમાં જ બંને




રેપિડ ગેમ્સ જીતીને પોતાની સ્થિતિ મજબૂત કરી અને સ્કોરમાં લીડ મેળવી લીધી. ત્યારબાદ રમાયેલી બ્લિટ્ઝ મેચમાં બંને ખેલાડીઓનું પ્રદર્શન બરાબરીનું રહ્યું, જેનાથી પ્રજ્ઞાનંદાએ 2 પોઈન્ટની લીડ જાળવી રાખી અને 15-13ના અંતિમ સ્કોર સાથે પ્રથમ વખત ગ્રાન્ડ ચેસ ટૂરનો ખિતાબ પોતાના નામે કર્યો. ત્રીજા સ્થાન માટે રમાયેલા મેચમાં અમેરિકાના ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સોએ જર્મનીના વિન્સેન્ટ કીમરને 18-12ના અંતરથી હરાવ્યો. રેપિડ સેક્શનમાં બંને ખેલાડીઓ વચ્ચે બરાબરીનો મુકાબલો રહ્યો, પરંતુ વેસ્લી સોએ સતત ચારેય બ્લિટ્ઝ ગેમ્સ જીતીને એક મેચ બાકી રહેતા જ જીત સુનિશ્ચિત કરી લીધી. 2027 ગ્રાન્ડ ચેસ ટૂર માટે ટૉપ 3 ખેલાડીઓ ક્વોલિફાય આ ટુર્નામેન્ટના ફાઈનલ પરિણામો સાથે જ આગામી સિઝન એટલે કે 2027 ગ્રાન્ડ ચેસ ટૂર માટે ટોપ 3 ખેલાડીઓએ ડાયરેક્ટ ક્વોલિફાય કરી લીધું છે. આ 3 ખેલાડીઓમાં ચેમ્પિયન પ્રજ્ઞાનંદા, રનર-અપ ફેબિયાનો કારુઆના અને ત્રીજા સ્થાને રહેલા વેસ્લી સોનો સમાવેશ થાય છે. ટુર્નામેન્ટ સિંગલ-એલિમિનેશન નોકઆઉટ ફોર્મેટમાં રમાઈ હતી.

## એશિયન ગેમ્સ શરૂ થાય એની પહેલાં ક્રિકેટમાં સંકટ!

નવી દિલ્હી

ભારત જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ક્રિકેટની 'B ટીમ' મોકલી શકે છે. બોર્ડના સૂત્રો અનુસાર, BCCI જાપાનમાં મળતી સુવિધાઓથી સંતુષ્ટ નથી. એશિયન ગેમ્સમાં ક્રિકેટ મેચ 17 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન રમાશે. સમાચાર છે કે ટીમ જે હોટલમાં રોકાવાની છે, તેના રૂમ ખૂબ નાના છે. તેમાં કીટ બેગ રાખવા માટે પણ પૂરતી જગ્યા નથી. ભારતે ટુર્નામેન્ટ માટે મેન્સ અને વુમન્સ બંને ટીમોની જાહેરાત કરી દીધી છે. હવે તેમાં ફેરફાર કરવા પર વિચારણા ચાલી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, ખેલાડીઓના રોકાણ માટે જે હોટલના રૂમ આપવામાં આવી રહ્યા છે, તે ખૂબ જ નાના છે. બોર્ડના એક અધિકારીએ જણાવ્યું કે રૂમ એટલા સાંકડા છે કે જો બે ખેલાડીઓ પોતાની ભારે-ભરખમ કિટ બેગ ખોલી લે તો ચાલવા કે ઊભા રહેવા સુધીની જગ્યા બચતી નથી. આ વખતે એશિયન ગેમ્સમાં ખેલાડીઓ માટે કોઈ અલગ એથ્લીટ વિલેજ બનાવ્યું નથી. સ્ટેડિયમ નજીકની ફાઈવ સ્ટાર હોટલો પહેલાથી બુક હોવાને કારણે ક્રિકેટરોને 20 કિલોમીટર દૂર રોકવામાં આવી રહ્યા છે. આનાથી લાંબા ટ્રાવેલ ટાઈમની સમસ્યા ઊભી થઈ રહી છે. મેચ માટે 'કોરોગી સ્પોર્ટ્સ પાર્ક'ને સિલેક્ટ કર્યું છે, જે પહેલા બેઝબોલ સ્ટેડિયમ હતું. તેને તાજેતરમાં ક્રિકેટ સ્ટેડિયમમાં બદલવામાં આવ્યું છે. પીચ અને આઉટફિલ્ડ અત્યાર સુધી ઈન્ટરનેશનલ લેવલ પર યોગ્ય રીતે ટેસ્ટ થઈ નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ડ્રેસિંગ રૂમ પાકા મકાનને બદલે તંબુઓમાં બનાવ્યા છે.

### મારો પરિવાર મારા માટે પ્રાયોરિટી

## દક્ષિણ આફ્રિકાના પૂર્વ કેપ્ટન ડીન એલ્ગરે પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

નવી દિલ્હી

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વના સૌથી ભરોસાપાત્ર ટેસ્ટ ઓપનરો પૈકીના એક ડીન એલ્ગરે તમામ પ્રકારના પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. 39 વર્ષીય એલ્ગર વર્તમાન કાઉન્ટી ચેમ્પિયનશિપ 2026ની સિઝન પૂર્ણ થતાં જ ક્રિકેટના તમામ ફોર્મેટને કાયમ માટે અલવિદા કહી દેશે. લગભગ દોઢ દાયકા લાંબી ક્રિકેટ કારકિર્દી ધરાવતા એલ્ગરે નિવૃત્તિનું કારણ જણાવતાં કહ્યું હતું કે, હવે જીવનના આગામી અધ્યાય તરફ આગળ વધવાનો અને પોતાના



પરિવારને પ્રાથમિકતા આપી તેમની સાથે વધુ સમય વિતાવવાનો યોગ્ય સમય આવી ગયો છે. 86 ટેસ્ટ અને 14 સદી: એલ્ગરની શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દી ડીન એલ્ગરે વર્ષ 2012માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું અને લગભગ 12 વર્ષ સુધી દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમનો મુખ્ય આધારસ્તંભ રહ્યો હતો: ટેસ્ટ આંકડા: એલ્ગરે સાઉથ આફ્રિકા માટે કુલ 86 ટેસ્ટ મેચ રમી હતી, જેમાં 35.92ની એવરેજથી 5,347 રન બનાવ્યા છે. તેના નામે 14 સદી અને 23 અડધી સદી નોંધાયેલી છે. સર્વોચ્ચ સ્કોર: તેનો સર્વોચ્ચ સ્કોર 199 રન રહ્યો હતો, જે તેણે વર્ષ 2017માં બાંગ્લાદેશ સામે બનાવ્યો હતો. બેટિંગ ઓળખ: આક્રમક શોટ્સ રમવા કરતાં પણ મુશ્કેલ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ક્રિઝ પર ટકી રહીને ધીરજપૂર્વક લાંબી ઈનિંગ રમવા માટે તે વિશ્વભરમાં જાણીતો રહ્યો હતો. વનડે રેકોર્ડ: એલ્ગરે સાઉથ આફ્રિકા માટે 8 વનડે મેચ પણ રમી હતી.

## ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસની ટિકિટોનું રેકોર્ડ વેચાણ

### પહેલી 48 કલાકમાં 26 હજાર ટિકિટ વેચાઈ, 12 મેચનો પ્રવાસ ઓક્ટોબરથી શરૂ થશે

મુંબઈ

ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે પહેલા 48 કલાકમાં 26 હજાર ટિકિટ વેચાઈ ગઈ છે. આ ન્યૂઝીલેન્ડ ક્રિકેટની પ્રી-સેલમાં રેકોર્ડ માગ છે.

આ પ્રવાસ 22 ઓક્ટોબરથી શરૂ થશે અને 1 ડિસેમ્બર સુધી ચાલશે. બંને ટીમ વચ્ચે 5 T20, 5 વન-ડે અને 2 ટેસ્ટ રમાશે. ભારતીય ટીમ 2019-20 પછી પહેલીવાર ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ સિરીઝ રમશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ અનુસાર, ઓકલેન્ડના ઈડન પાર્કમાં યોજાનારી વ્હાઈટ-બોલ મેચની ટિકિટ સૌથી ઝડપથી વેચાઈ રહી છે.

અહીં સિરીઝની ચોથી T20 અને પહેલી વન-ડે રમાશે.



ક્રાઈસ્ટચર્ચના હેગલે ઓવલમાં પણ ટિકિટોની ભારે માગ છે. લગભગ 9 હજાર દર્શકોની ક્ષમતાવાળા આ મેદાન પર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની શરૂઆતની બે T20 મેચ 22 અને 24 ઓક્ટોબરે રમાશે. આ જ મેદાન પર પ્રવાસની બીજી અને છેલ્લી ટેસ્ટ પણ રમાશે. આ મુકાબલો 27 નવેમ્બરથી 1 ડિસેમ્બર સુધી ચાલશે અને તેની ટિકિટોનું વેચાણ પણ ઝડપથી થઈ રહ્યું છે. વેલિંગ્ટનમાં પણ ટિકિટોની મજબૂત માગ. વેલિંગ્ટનમાં યોજાનારી મેચો માટે પણ શરૂઆતનું વેચાણ મજબૂત રહ્યું છે. હેનરી સ્ટેડિયમમાં સિરીઝની ત્રીજી T20 અને બીજી વન-ડે રમાશે.

જ્યારે, પ્રથમ ટેસ્ટ સેલો બેસિન રિઝર્વમાં 19 નવેમ્બરથી શરૂ થશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ચીફ માર્કેટિંગ અને કોમર્શિયલ ઑફિસર ગ્લેન ક્રિચલીએ જણાવ્યું હતું કે ચાહકોએ વહેલી ટિકિટ ખરીદવાની અપીલ પર સારો પ્રતિસાદ આપ્યો છે. તેમણે કહ્યું કે પહેલી બે દિવસમાં રેકોર્ડ વેચાણ દર્શાવે છે કે મોટી સંખ્યામાં ચાહકોએ સમયસર પોતાની સીટ બુક કરાવી લીધી છે. ક્રિચલીએ કહ્યું કે ન્યૂઝીલેન્ડના ચાહકો માટે ભારત સામે ક્રિકેટ મેચનું વાતાવરણ જોવા અને દુનિયાના મોટા ક્રિકેટ સ્ટાર્સને લાઈવ જોવાનો આ ખાસ અવસર છે. ગત સીઝન જેટલી જ રાખવામાં આવી ટિકિટોની કિંમત NZCએ આ સીઝનમાં ટિકિટોની કિંમતમાં વધારો કર્યો નથી. બોર્ડના મતે, ક્રિકેટ નેશન એક્સેસ કોડનો ઉપયોગ કરવા પર ટિકિટ 30 ન્યૂઝીલેન્ડ ડોલરથી ઓછામાં મળી રહી છે. ચાહકો માટે 'ધ ફોર' અને 'ધ સિક્સ' ગ્રુપ ટિકિટ પેકેજની સાથે-સાથે અલગ-અલગ વેન્યુના ટિકિટ બંડલ પણ ઉપલબ્ધ છે. તેમનો ઉદ્દેશ્ય વધુ દર્શકોને મેચ જોવા માટે આકર્ષવાનો છે.

## બિઝનેસ

### BPCLના ચેરમેન સંજય ખન્નાએ સ્પષ્ટતા કરી

# E20 પેટ્રોલ બંધ નહીં થાય

મુંબઈ

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય ખન્નાએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં E20 પેટ્રોલના બદલે E10 કરવાનો હાલમાં કોઈ પ્રસ્તાવ નથી. તેમણે જણાવ્યું કે હાલમાં ચાલી રહેલી ચર્ચા માત્ર એ બાબત પર છે કે શું જૂના વાહનો માટે 10% ઈથેનોલ મિશ્રણ ધરાવતા E10 ઈંધણનો વિકલ્પ આપવો જોઈએ કે નહીં. BPCLની વાર્ષિક સામાન્ય સભા પછી યોજાયેલી મીડિયા સાથેની વાતચીતમાં તેમણે આ મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. સરકારના નિર્ણય સામે BP CL સજ્જ




સંજય ખન્નાએ જણાવ્યું કે જો સરકાર ઈથેનોલ મિશ્રણ નીતિમાં કોઈ ફેરફાર કરવાનો નિર્ણય લેશે, તો BPCL માટે E20 માંથી E10 માં શિફ્ટ થવામાં કે તેને સંભાળવામાં કોઈ ઓપરેશનલ અથવા લોજિસ્ટિકલ પડકાર નથી. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું, 'મેં એવું ક્યારેય નથી કહ્યું કે E20 ને E10 માં બદલવામાં આવશે. કેટલાક વર્તુળોમાં માત્ર એ જ ચર્ચા થઈ રહી છે કે જૂના વાહનોના ચાલકોને ઓછું ઈથેનોલ ધરાવતા પેટ્રોલનો વિકલ્પ મળવો જોઈએ કે નહીં.' ઉલ્લેખનીય છે કે E10 પેટ્રોલમાં 10% ઈથેનોલ અને 90% પેટ્રોલ હોય છે, જ્યારે E20 માં 20% ઈથેનોલ અને 80% પેટ્રોલ હોય છે. BPCLના પ્રમુખે ઉમેર્યું કે જૂના વાહનો માટે E10 ઉપલબ્ધ કરાવવાના વિકલ્પો ચકાસવામાં આવી રહ્યા છે. એક જ સમયે પેટ્રોલના અલગ-અલગ ગ્રેડને સપ્લાય કરવા અને તેને હેન્ડલ કરવા સંબંધિત કેટલાક પડકારો ચોક્કસ છે, અને તે બાબતે હાલમાં વિચારણા ચાલી રહી છે.

### સોના-ચાંદીના ભાવમાં તેજી જોવા મળી

## રક્ષાબંધને વાયદા બજારમાં તેજી, ચાંદીમાં ₹4,299નો ઉછાળો, સોનું પણ મોંઘું થયું

મુંબઈ

વૈશ્વિક બજારની અસર હેઠળ આજે MCX વાયદા બજારમાં સોના-ચાંદીના ભાવમાં ઉછાળો નોંધાયો. સોનામાં આશરે 500 નો વધારો થયો, જ્યારે ચાંદીમાં દિવસના નીચલા સ્તરથી 4,299 નો જોરદાર ઉછાળો જોવા મળ્યો. આંતરરાષ્ટ્રીય બજારમાં યુએસ ડૉલરની મજબૂતાઈ અને બોન્ડ યીલ્ડમાં વધારો ભાવની અસ્થિરતા પાછળના મુખ્ય કારણો છે.

વૈશ્વિક બજારની અસરો વચ્ચે કિંમતી ધાતુઓના ભાવમાં ફરી એકવાર મોટી હલચલ જોવા મળી રહી છે. એમસીએક્સ (MCX) વાયદા બજારમાં આજે સોના અને ચાંદી બંનેમાં રિકવરી સાથે ઉછાળો નોંધાયો



છે. સોનાના ભાવમાં આશરે 500 નો વધારો જોવા મળ્યો છે, જ્યારે ચાંદીમાં તેના દિવસના નીચલા સ્તરથી 4,299 સુધીનો જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ચાંદીનો અગાઉનો બંધ ભાવ (Prev. Close) 2,40,651.00 હતો. આજે તે 2,40,191.00 ના ભાવે ઓપન થઈ હતી. દિવસ દરમિયાન ચાંદીમાં 2,39,049.00 નો લો રિકોર્ડ થયા બાદ તીવ્ર સુધારા સાથે તે 2,44,950.00 ની હાઈ સપાટીએ પહોંચી હતી. આમ, ચાંદીએ નીચલી સપાટીથી 4,299 નો મોટો ઉછાળો દર્શાવ્યો છે. સોનાનો અગાઉનો બંધ ભાવ (Prev. Close) 1,58,996.00 હતો. સોનું આજે 1,58,569.00 ના ભાવે ખુલીને દિવસ દરમિયાન 1,57,842.00 ના નીચલા સ્તરે ગયું હતું. ત્યારબાદ તેમાં સુધારો જોવા મળ્યો હતો અને તે 1,59,741.00 ની હાઈ સપાટી સુધી પહોંચ્યું હતું, જે અગાઉના બંધ ભાવથી આશરે 500 સુધીનો વધારો દર્શાવે છે.


### NBFCs માટે બેન્કો પાસેથી ઋણ લેવાનું વધુ આકર્ષક બની શકશે

# ઈન્ડિયા રેટિંગ્સે બેન્ક ક્રેડિટ ગ્રોથનો અંદાજ વધારીને 15 ટકા કર્યો

### સ્થાનિક ક્રેડિટ રેટિંગ એજન્સી ઇન્ડિયા રેટિંગ્સે ચાલુ વર્ષ 2026-27 માટે બેન્કોના ક્રેડિટ ગ્રોથનો અંદાજ અગાઉના 13%થી વધારીને 15% કર્યો છે.

નવી દિલ્હી

સ્થાનિક ક્રેડિટ રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સે ચાલુ વર્ષ 2026-27 માટે બેન્કોના ક્રેડિટ ગ્રોથનો અંદાજ અગાઉના 13%થી વધારીને 15% કર્યો છે. જોકે, બેન્કો અપેક્ષિત ક્રેડિટ લોસ સિસ્ટમ હેઠળ જોગવાઈ કરવાની પ્રક્રિયામાં આગળ વધી રહી હોવાથી તેની નફાકારકતા પર અસર થઈ શકે તેવી ચેતવણી પણ એજન્સીએ આપી છે. એજન્સીએ જણાવ્યું હતું કે ક્રેડિટ કોસ્ટ અંગેના ઊંચા અંદાજ પાછળનું મુખ્ય કારણ વર્કિંગ કેપિટલની જરૂરિયાતોને પહોંચી વળવા કોર્પોરેટ ક્ષેત્રને ધિરાણનો હિસ્સો વધવાની અપેક્ષા છે. ખાસ કરીને વિદેશમાં વસતા ભારતીયો પાસેથી મેળવવામાં આવેલી ડિપોઝીટ પર કેશ રિઝર્વ રેશિયો (CRR) સંબંધિત લાભને કારણે બેન્કો કોર્પોરેટ્સને વધુ ધિરાણ આપી શકે છે. વધુમાં, બોન્ડ



યીલ્ડમાં વધારાને કારણે નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs) માટે બેન્કો પાસેથી ઋણ લેવાનું વધુ આકર્ષક બની શકશે. જોકે, ક્રેડિટ ગ્રોથનો સુધારેલો અંદાજ 31 જુલાઈ સુધી નોંધાયેલી વર્તમાન 19.3%ની વાર્ષિક વૃદ્ધિ કરતાં ઓછો છે. એજન્સીએ જણાવ્યું હતું કે નફાકારકતાના દૃષ્ટિકોણથી જોઈએ તો, બેન્કોને ઊંચો ક્રેડિટ ગ્રોથ અને એનપીએ અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે હોવા છતાં કેટલાક પડકારોનો સામનો કરવો પડશે. અપેક્ષિત ક્રેડિટ લોસ (ECL) માળખા હેઠળ વધારાની જોગવાઈ કરવાની જરૂરિયાતને કારણે બેન્કોનો ક્રેડિટ કોસ્ટ FY27માં વધીને 0.74% થવાની ધારણા છે, જે અગાઉના નાણાકીય વર્ષમાં 0.65% હતો. ECLના માપદંડમાં ફેરફારની અસર બેન્કિંગ ક્ષેત્રની નફાકારકતા પર પડી શકે છે. તેની અસર બેલેન્સ શીટ પર વન-ટાઈમ એક્સપેન્સ તરીકે તેમજ વધુ વધુ જનરલ ક્રેડિટ કોસ્ટના સ્વરૂપમાં જોવા મળી શકે છે. તેનું મુખ્ય કારણ સ્ટેજ-1 અને સ્ટેજ-2 માટે વધુ જોગવાઈ કરવાની જરૂરિયાત રહેશે. ઈન્ડિયા રેટિંગ્સના મિડ-યર બેન્કિંગ આઉટલુક રિપોર્ટ અનુસાર બેન્કિંગ ક્ષેત્રનો ક્રેડિટ કોસ્ટ FY18ના 4.19%થી ઘટીને FY26માં 0.65% થયો હતો.

## સેન્સેક્સ 331 પોઈન્ટ વધીને 77,265 પર બંધ થયો

- **નિફ્ટીમાં 85 પોઈન્ટનો ઉછાળો રહ્યો, IT અને મેટલ શેર્સમાં વધુ ખરીદી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 28 ઓગસ્ટે તેજી જોવા મળી. સેન્સેક્સ 331 પોઈન્ટના ઉછાળા સાથે 77,265 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 85 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,176 પર બંધ થયો. આજે IT અને મેટલ શેર્સમાં વધુ ખરીદી જોવા મળી. ટેમ્પસેન્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સનો શેર 110% ઉપર લિસ્ટ થયો. ટેમ્પસેન્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સનો શેર તેની IPO કિંમત કરતાં 110% ઉપર લિસ્ટ થયો. NSE પર કંપનીનો શેર 300ની ઈશ્યૂ કિંમતની સરખામણીમાં 111.33%ના વધારા સાથે 634 પર લિસ્ટ થયો. જ્યારે BSE પર તેનું લિસ્ટિંગ 110.40% પ્રીમિયમ સાથે 631.20 પર થયું. તાપમાન સેન્સર બનાવતી રાજસ્થાનની આ કંપનીના IPOને રોકાણકારોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. આ IPO 20 ઓગસ્ટથી 24 ઓગસ્ટ સુધી સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો. ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડ અને પ્રાયોરિટી જ્વેલ્સના IPO આજથી ખુલ્યા છે. ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડ તેના દ્વારા 720 કરોડ અને પ્રાયોરિટી જ્વેલ્સ 91.50 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ IPO 1 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. આ પહેલાં ગઈકાલે એટલે કે 27 ઓગસ્ટના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# રક્ષાબંધન પર જેલમાં લાગણીસભર દૃશ્યો

## જેલના સળિયા વચ્ચે છલકાયો ભાઈ-બહેનનો પ્રેમ: મુસ્લિમ બહેને ભાઈને રાખડી બાંધી હાથ ન છોડ્યો, ચૈતર વસાવાને 4 બહેનોએ બાંધી રાખડી!!





અમદાવાદ

રક્ષાબંધનના પર્વે રાજ્યની વિવિધ જેલોમાં આજે ભાઈ-બહેનના પ્રેમ અને લાગણીના હૃદયસ્પર્શી દૃશ્યો જોવા મળ્યા હતા. અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ, સુરત સબજેલ અને વડોદરા મધ્યસ્થ જેલ સહિત અનેક જેલોમાં બહેનો પોતાના કેદી ભાઈઓને રાખડી બાંધવા પહોંચી હતી. ક્યાંક બહેનોની આંખોમાં ખુશીના આંસુ હતા તો ક્યાંક ભાઈથી વિખૂટા પડવાનું દુ:ખ જોવા મળ્યું હતું.

સુરત સબજેલમાં પોતાના ભાઈને રાખડી બાંધવા આવેલી એક મુસ્લિમ બહેન ભાઈને મળતા જ ભાવુક થઈ ગઈ હતી. ભાઈના કાંડે રાખડી બાંધ્યા બાદ તે ભાઈને વળગી પડી હતી અને તેનો હાથ છોડવા તૈયાર નહોતી. બહેન સતત ધ્રુસકે-ધ્રુસકે રડતી રહી હતી.

મુલાકાતનો સમય પૂર્ણ થવા છતાં બહેન ભાઈથી અલગ થવા તૈયાર ન હતી. ભાઈ પણ બહેનની હાલત જોઈને ભાવુક થઈ ગયો હતો. અંતે જેલ પ્રશાસન અને પોલીસકર્મીઓએ દરમિયાનગીરી કરી બહેનને સમજાવી હતી. ભારે હૈયે ભાઈથી અલગ થઈને બહાર નીકળતી વખતે પણ બહેનની આંખોમાં આંસુ જોવા મળ્યા હતા.

સુરતની આ ઘટના ભાઈ-બહેનના સંબંધમાં ધર્મ કે સંપ્રદાયની કોઈ સીમા ન હોવાનો સંદેશ આપી ગઈ. મુસ્લિમ બહેને પોતાના ભાઈના કાંડે રક્ષાસૂત્ર બાંધી ભાઈ પ્રત્યેના પ્રેમ અને લાગણીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જેલની ચાર દીવાલો વચ્ચેનો આ ભાવુક પ્રસંગ ત્યાં હાજર લોકો માટે પણ યાદગાર બની રહ્યો હતો.

વડોદરા મધ્યસ્થ જેલમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને તેમની ચાર બહેનોએ રાખડી બાંધી હતી. રાખડી બાંધ્યા બાદ બહેનોએ ભાઈ જલ્દીથી જેલમાંથી બહાર આવે તેવી પ્રાર્થના કરી હતી.

ચૈતર વસાવાની બહેન પુષ્પાબેન વસાવાએ જણાવ્યું કે, ભાઈ જેલમાં હોવાનો અમને ખૂબ અફસોસ છે. ભગવાનને અમારી એક જ પ્રાર્થના છે કે તેઓ જલ્દીથી જેલમાંથી બહાર આવે. કાશીબેન વસાવાએ કહ્યું કે ગયા વર્ષે પણ રક્ષાબંધનના દિવસે ભાઈ જેલમાં જ હતા અને આ વર્ષે પણ પરિસ્થિતિ એવી જ છે, જેના કારણે બહેનો ખૂબ દુ:ખી છે.

વડોદરા મધ્યસ્થ જેલમાં આશરે 1,700 કાચા-પાકા કામના કેદીઓને બહેનો રાખડી બાંધી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેલ પ્રશાસન દ્વારા આ વખતે અનોખી પહેલ પણ કરવામાં આવી હતી.

સામાન્ય રીતે રક્ષાબંધન પર ભાઈ બહેનને ભેટ આપે છે. તેના બદલે જેલમાં કેદી ભાઈઓએ બહેનોને તુલસીના છોડ અને રોપા ભેટમાં આપ્યા હતા. આ પહેલ દ્વારા પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં આવ્યો હતો. બહેનોને આ છોડ ઘરે લઈ જઈ તેનું વાવેતર અને જતન કરવા અપીલ કરવામાં આવી હતી.

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં પણ વહેલી સવારથી જ ભાવુક દૃશ્યો જોવા મળ્યા હતા. હત્યા, ચોરી, લૂંટ અને દુષ્કર્મ જેવા ગંભીર ગુનાઓમાં સજા ભોગવી રહેલા કેદીઓને રાખડી બાંધવા બહેનો જેલમાં પહોંચી હતી.

# અમદાવાદના ઠક્કરનગરમાં સરાજાહેર હ્રદયકંપાવનારી હત્યા

## પોલીસ ચોકીથી માંડ 300 મીટર દૂર યુવક પર છરીના બેફામ ઘા ઝીંકી દિનદહાડે મોતને ઘાટ ઉતારાયો, પેરોલ પર છૂટેલા શખ્સો સામે પરિવારનો ગંભીર આક્ષેપ

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ધમધમતા ઠક્કરનગર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધજાગરા ઉડાવતી એક અત્યંત સનસનાટીભરી અને ઘાતક ઘટના સામે આવી છે. ઠક્કરનગર ખાતે આવેલી પાણીની ટાંકી સામેની ગલીમાં દિલીપ નામના એક નિર્દોષ યુવકની સરાજાહેર છરીના ઘા મારીને નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. શહેરના ભરચક રસ્તા પર અને પોલીસ ચોકીથી માંડ ૩૦૦ મીટરના અંતરે જ ખેલાયેલા આ મોતના ખેલથી સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને દહેશતનો માહોલ વ્યાપી ગયો છે. મૃતક યુવક દિલીપના પરિવારે ગંભીર આક્ષેપો કરતાં જનાવ્યું છે કે તે જ વિસ્તારમાં રહેતા બે શખ્સો, જેઓ તાજેતરમાં જ જેલમાંથી પેરોલ કે જામીન પર છૂટીને બહાર આવ્યા હતા, તેઓ અવારનવાર ધમકીઓ આપતા હતા. આજે આ બંને અસામાજિક તત્વોએ ભેગા મળીને દિલીપને રસ્તામાં આંતર્યો હતો અને કોઈ પણ ડર વગર તેના પર ધારદાર છરી વડે તીક્ષ્ણ ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં ઢળી પડેલા યુવકે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. તહેવારો અને સામાન્ય દિવસોમાં પણ ગુનેગારો બેફામ બનતાં પરિવારજનોમાં ભારે આક્રોશ છવાયો છે. સ્થાનિક પોલીસ ચોકીથી માત્ર ૩૦૦ મીટરના અંતરે જ દિનદહાડે હત્યાની આ ભયાનક ઘટના બનતાં પોલીસના પેટ્રોલિંગ



અને ખૌફ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. જેલમાંથી જામીન કે પેરોલ પર છૂટીને આવેલા આરોપીઓ સામે સ્થાનિક પોલીસનું કોઈ ચેકિંગ કે નિરીક્ષણ ન હતું? સરાજાહેર ગુંડાગીરી આચરતા આ તત્વોને કાયદાનો સહેજ પણ ડર કેમ રહ્યો નથી? નાગરિકોની સુરક્ષા રામ ભરોસે હોય તેમ કાયદાના રક્ષકોની નાકની નીચે જ હત્યાનો ખેલ ખેલાઈ ગયો.

<u>વસ્ત્રાપુરમાં વિધાર્થીઓ પર હુમલાનો આક્ષેપ</u>

# વાંચન કરી રહેલા યુવકોને લાકડી-બેઝબોલથી માર માર્યાની ફરિયાદ, પોલીસની કામગીરી સામે સવાલ




અમદાવાદ

અમદાવાદ શહેરના શૈક્ષણિક અને શાંત વિસ્તાર ગણાતા વસ્ત્રાપુરમાં અસામાજિક તત્વોએ કાયદાના રક્ષકો અને નિર્દોષ નાગરિકોને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો હોય તેવી ભયાનક ઘટના સામે આવી છે.

વસ્ત્રાપુર વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પુસ્તકોનું પઠન કરી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓના જૂથ પર પોતાની જાતને બજરંગદળના નેતા ગણાવતા હિરેન રબારી નામના શખ્સ અને તેની સાથે આવેલા અસામાજિક તત્વોના ટોળાએ અચાનક ત્રાટકીને હિંસક હુમલો કર્યો હતો. લાકડીઓ, દંડા અને બેઝબોલના સ્ટીક જેવા ઘાતક હથિયારો સાથે ધસી આવેલા આ તત્વોએ વિદ્યાર્થીઓ પર બેફામ હુમલો કરી દહેશતનો માહોલ સર્જ્યો હતો. હુમલાખોરોએ માત્ર વિદ્યાર્થીઓ સાથે મારામારી કરી નહોતી, પરંતુ સાહિત્ય અને પુસ્તકોનું પણ ભારે અનાદર કર્યું હતું. ક્રાંતિકારી શહીદ ભગતસિંહના વિચારો ધરાવતા પુસ્તકોને ફાડીને રસ્તા પર ફેંકી દેવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ઘટના બાદ ચર્ચાઈ રહ્યું છે કે જેને પોતે શિક્ષણ મેળવવાનો અવસર નથી મળ્યો કે જેમની પાસે જ્ઞાનનો અભાવ છે, તેવા અસામાજિક તત્વોને પુસ્તકો અને વાંચનની કિંમત ક્યાંથી સમજાય? વિદ્યાર્થીઓ પર થયેલા આ ઘાતક હુમલા બાદ યુથ કોંગ્રેસ અને વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા વિરોધનો સૂર બુલંદ કરવામાં આવ્યો છે.

# નીરજા ગુપ્તાના સમયે ભરતીના વિવાદનો બંધ કવરમાં રિપોર્ટ સોંપાયો: 3 દિવસમાં યુનિવર્સિટી એક્શન લેશે

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા દ્વારા જે પણ ભરતી કરવામાં આવી હતી અને લાખો રૂપિયાના પગારની લ્હાણી કરવામાં આવી હતી તે તમામને ગુજરાત યુનિવર્સિટી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.સસ્પેન્ડ કર્યા બાદ એક કમિટી બનાવવામાં આવી હતી.કમિટીએ તપાસ કરીને 20 દિવસમાં રિપોર્ટ બંધ કવરમાં યુનિવર્સિટી સોંપ્યો છે જે શનિવારે પ્રક્રિયા મુજબ ખોલીને રિપોર્ટના ધ્યાનમાં રાખી પગલાં લેવામાં આવશે.




પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ તેમના પતિ સાથે કામ કરતા અને મળતિયાઓને સીધી નોકરી આપી હોવાના આક્ષેપ થયા હતા. આ ઉપરાંત તમામને અગાઉ કરતા 4થી 5 ગણો પગાર પણ આપવામાં આવ્યો હોવાની રજૂઆત હતી. આ રજૂઆતને પગલે ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાત્કાલિક કમિટીની ગઠન કરવાના આવ્યું હતું. તપાસ કમિટીમાં ગુજરાત યુનિવર્સિટીના હિરેન જાદવ ચેરમેન હતા જ્યારે સ્મિતાબેન જોશી અને મયુરીબેન ભાટિયા સભ્ય હતા. ત્રણેય સભ્યોની કમિટી દ્વારા 20 દિવસ સુધી આ મામલે તપાસ કરવામાં આવી હતી. જરૂરી પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા.ભરતી મામલે કોઈ પ્રક્રિયા થઈ હતી કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી. પગાર અંગે પણ તપાસ કરવામાં આવી હતી. જે તપાસ પૂર્ણ થતા બંધ કવરમાં ગુજરાત યુનિવર્સિટીને રિપોર્ટ સોંપવામાં આવ્યો છે.

ત્રાગડમાં ફ્લેટની અંદર ચાલતી ફેક્ટરી પકડાઈ

# શહેરમાં ગેરકાયદે કોસ્મેટિક્સ અને નકલી દવાના કૌભાંડ સામે FDCA ની લાલ આંખ

અમદાવાદ

રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયાઓ અને લાયસન્સ વગર ગેરકાયદે ધંધો ચલાવતા તત્વો સામે રાજ્ય સરકારે આક્રમક વલણ અપનાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચના બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) ગુજરાત રાજ્ય દ્વારા સમગ્ર રાજ્યભરમાં સઘન તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપતાં જણાવ્યું છે કે, લોકોના આરોગ્ય સાથે રમત રમતા કોઈપણ ઈસમ સામે રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ' ની નીતિ હેઠળ આકરામાં આકરી કાયદાકીય કાર્યવાહી કરશે. ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે FDCA ની ટીમે અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં આવેલી 'આનકી હર્બલ' નામની પેઢી પર ત્રાટકીને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન સામે આવેલી વિગતોથી અધિકારીઓ પણ




ચોંકી ઉઠ્યા હતા. ત્રાગડ સ્થિત શિવાન્તા રીગેલના એક ફ્લેટની અંદર કોઈ પણ પ્રકારના લાયસન્સ કે ગુણવત્તાના પરીક્ષણ વગર જ બલ્ક પેકમાંથી કોસ્મેટિક્સનું ઉત્પાદન અને રીપેકિંગ કરવાનો મોટો ખેલ ચાલી રહ્યો હતો. આ ઉપરાંત ત્યાં ગ્લિસરીન સાબુનું પણ બિનઅધિકૃત ઉત્પાદન કરાતું હતું.

તપાસની કડીઓ ઉમેરાતાં જાણવા મળ્યું હતું કે આ ગેરકાયદે પ્રવૃત્તિ માટેનું બલ્ક મટીરીયલ અમદાવાદના ઓઢવ ખાતે આવેલી 'રવી માર્કેટીંગ' પાસેથી ખરીદવામાં આવતું હતું. આ ખુલાસા બાદ તંત્રની ટીમોએ ઓઢવ સ્થિત 'રવી માર્કેટીંગ' પર પણ દરોડા પાડીને તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. સ્થળ પરથી રૂ. ૨.૬૮ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. ઉત્પાદનોની ગુણવત્તા અને તેમાં વપરાયેલા રસાયણોની તપાસ અર્થે ૧૦ જુદી જુદી કોસ્મેટિક પ્રોડક્ટ્સના નમૂનાઓ લઈને ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

# 51 વર્ષીય આરોપીને 20 વર્ષ કારાવાસની સજા:6 વર્ષ અને 8 મહિનાની બાળકીના શારીરિક અડપલા કરીને જાતીય શોષણનો આરોપ




અમદાવાદ


અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં 6 વર્ષ અને 8 મહિનાની માસૂમ બાળકીનું જાતીય શોષણ કરવાના અત્યંત ગંભીર અને ચકચારી કેસમાં સિટી સેશન્સ કોર્ટની પોક્સો વિશેષ કોર્ટે કડક ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે કેસની સુનાવણી દરમિયાન 13 સાહેદો અને 13 દસ્તાવેજ તેમજ તબીબી પુરાવાઓની ઝીણવટભરી તપાસ કરીને 51 વર્ષીય આરોપી હસન શેખને ભારતીય ન્યાય સંહિતા (BNS) અને પોક્સો એક્ટની સંબંધિત કલમો હેઠળ દોષિત ઠેરવીને 20 વર્ષની સખત કેદની આકરી સજા ફટકારી છે. આ સમગ્ર બનાવની વિગત અનુસાર, ગત 17 ઓક્ટોબર, 2024ના રોજ ભોગ બનનાર માસૂમ બાળકીની માતાએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપી હસન શેખ ફરિયાદી પરિવારનો પાડોશી હતો. માસૂમ બાળકી જ્યારે આરોપીના ઘરે રમવા જતી ત્યારે આરોપી તેણીને પોતાના ઘરના પહેલા માળે એકાંતમાં બોલાવીને તેણીની સાથે ગંભીર જાતીય હરકતો કરીને સતત શારીરિક શોષણ કરતો હતો. આ ઉપરાંત જો આ બાબતે કોઈને જાણ કરશે તો બાળકીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હતી.

<u>21 ઇંચ વરસાદના જળબંબાકાર અંગે મુક્તમને જવાબદારી સ્વીકારી અને કાયમી ઉકેલની ખાતરી આપી</u>

# અમદાવાદમાં ભારે વરસાદ બાદ ઘાટલોડિયા અને બોપલમાં અમિત શાહનો લોક દરબાર

અમદાવાદ

અમદાવાદ શહેર અને ખાસ કરીને પશ્ચિમના વિસ્તારોમાં તાજેતરમાં પડેલા અસાધારણ ૨૧ ઈંચ વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. બોપલ, ઘુમા, શેલા અને આંબલી જેવા વિસ્તારોમાં દિવસો સુધી ઘરો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ રહેતાં લોકોમાં ભારે રોષ અને નુકસાનની લાગણી જોવા મળી હતી. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બોપલની BKM સ્કૂલ ખાતે એક વિશેષ લોક દરબાર યોજીને સ્થાનિક રહીશો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, અમદાવાદના મેયર હિતેશ બારોટ અને AMC



કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. લોક દરબાર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોઈપણ સંકોચ વિના સ્વીકાર્યું હતું કે, અમદાવાદમાં છેલ્લા ૫૦ વર્ષોમાં ક્યારેય આટલા ટૂંકા ગાળામાં ૨૧ ઈંચ જેટલો અસાધારણ વરસાદ નોંધાયો નથી. જેના કારણે કોર્પોરેશન અને રાજ્ય સરકારની તમામ પ્રી-મોન્સૂન કામગીરી અને ડ્રેનેજ આયોજનો નાનાં પડ્યા હતા. તેમણે ઉમેર્યું કે, 'આ તકલીફ માટે માત્ર મેયર કે AMC કમિશનર જવાબદાર નથી, પરંતુ તમારા પ્રતિનિધિ અને સાંસદ તરીકે આ તમામ બાબતોની સંપૂર્ણ જવાબદારી હું પોતે સ્વીકારું છું'. વરસાદી પાણી ઓસર્યાના બીજા જ દિવસથી આ સમગ્ર વિસ્તારમાં ગ્રાઉન્ડ લેવલ પ્લાનિંગ શરૂ કરી દેવામાં આવ્યું હોવાની વિગતો આપતા અમિત શાહે સ્થાનિક રહીશોને મોટી ખાતરી આપી હતી. તેમણે વચન આપતાં જણાવ્યું કે, 'આગામી સમયમાં હું જ્યારે તમારી પાસે ફરી મત માંગવા આવીશ, તે પહેલાં એવી આધુનિક અને મજબૂત ડ્રેનેજ સિસ્ટમ તૈયાર કરી દેવામાં આવશે કે ભવિષ્યમાં ૩૦ ઈંચ વરસાદ પડશે તો પણ સોસાયટીઓ કે ઘરોમાં પાણી ભરાશે નહીં'.

# શહેરમાં રાત્રિના સમયે ટ્રાફિક પોલીસ ગાયબ થતા ખાનગી વાહન ચાલકો બેફામ

## 2 ઈકો ઉપર 7થી 8 લોકોની જીવના જોખમે મુસાફરી, SP રીંગ રોડ પરના વીડિયો સામે આવ્યા



અમદાવાદ

અમદાવાદના સરદાર પટેલ રિંગરોડ પર રાત્રે ૯ વાગ્યા પછી ટ્રાફિક પોલીસ ગાયબ થઈ જતાં ખાનગી વાહનચાલકો બેફામ બન્યા છે. રક્ષાબંધનના આગલા દિવસે (27 ઓગસ્ટ) ઓગણજ ટોલટેક્સ અને વૈષ્ણોદેવી અંડરપાસ પાસે બે ઈકો ગાડીઓ છત પર 5થી 8 મુસાફરોને બેસાડીને બેફામ સ્પીડે જતી જોવા મળી હતી. આ ગાડીઓમાં અંદર પણ ઘેટાં-બકરાની જેમ મુસાફરો ભરેલા હતા. પોલીસ દ્વારા દંડ ન આપવાની સૂચના બાદ ટ્રાફિક નિષ્ક્રિય બનતાં લોકોના જીવ જોખમમાં મુકાયા છે. શહેરના સરદાર પટેલ રિંગરોડ પર રાત્રે બે ઈકો ગાડીના ચાલક દ્વારા મુસાફરોને ગાડીની ઉપર બેસાડીને લઈ જતા હોવા અંગેના વીડિયો સામે આવ્યા છે. રીંગરોડ પર ઓગણજ ટોલટેક્સ પાસે બોપલ તરફથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર રાજસ્થાન પાસીંગની એક ઈકો ગાડીના ચાલક દ્વારા પાંચથી સાત મુસાફરોને ઉપર બેસાડવામાં આવ્યા હતા. ખૂબ જ જોખમી રીતે ઉપર બેસી અને તેઓ મુસાફરી કરી રહ્યા હતા. જ્યારે ત્રાગડ અંડર પાસ થઈને ઝુંડાલ તરફ પણ GJ 31 પાસિંગની એક ઈકો ગાડી જતી જોવા મળી હતી.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**


Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI